# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ૐ ।।

(વર્ષ ૧૫) ઓક્ટોબર ૧૯૯૫ (અંક ૨)

Scanned by CamScanner

|| ૐ મા ૐ ||    || જય ગાયત્રી મા ||    || ૐ મા ૐ ||

વર્ષ : ૧૫
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર, ૧૯૯૬

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.


પરમ શક્તિ મંત્ર
ૐ મા ૐ



રાજયોગી નરેન્દ્રજી

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ (૧૦/-)

ૐ


❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.


## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | સેવાદિન માનવતાદિન | ૧ |
| ૨ | માતાજીનો સાક્ષાતકાર | ૮ |
| ૩ | નિલોષા મહોત્સવ | ૯ |
| ૪ | જન્માષ્ટમી-રાજ રાસેશ્વર ઉત્સવ | ૧૦ |
| ૫ | ગરૂપર્ણિમા | ૧૩ |
| ૬ | સહજ ઉપાસનાના ઉદ્ગાતા | ૧૫ |
| ૭ | મસ્તી-યજ્ઞ | ૧૭ |
| ૮ | શ્રી રામ | ૨૨ |
| ૯ | સ્વજન | ૨૯ |
| ૧૦ | વસંતોત્સવ | 30 |
| ૧૧ | યુવાનને શીખ | 3૨ |
| ૧૨ | અમેરીકા-ઈંગ્લેન્ડનો કાર્યયજ્ઞ | ટાઈટલ 3 |


ૐ મા ૐ




મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.


Scanned by CamScanner

# સેવાદિન - માનવતાદિન




ગાયત્રી માતાના વહાલાં બાળકો,
આપ સર્વે પધાર્યા પ્રેમ થકી,
નિહાળવા મા-બાળના હેતને.
હેતની હેલી વરસ્યા કરે,
રાજયોગી સંગ સેવા રહે.
સેવામાં સુગંધ ભળે,
સુગંધ તરબોળ કરે સર્વેને.

પ્રથમ નિલોષા મહોત્સવને માણીએ
વાયા વહાણાં સત્તર વર્ષ તણાં,
આજ ઉગે દિન પ્રથમ અઢાર વર્ષ તણો,
રાજયોગી સેવા કરતાં રહે,
માત અમી વર્ષા કરતી રહે.
આલમતણા દુ:ખી માનવીઓને,
નિલોષા દીવાદાંડી સમું ભાસતું,
તેના તેજ થકી પાસ આવે,
સહુ આનંદનો એહસાસ માણે.

નિલોષામાં માતાજીને બિરાજમાન કર્યાંને તેમની છત્રછાયા ને દોરવણી મુજબ જે કાર્યયજ્ઞ શરૂ કર્યો તેના સત્તર વર્ષ આજરોજ પૂરાં થયાં ને અઢારમા વર્ષનો મંગલ પ્રારંભ થયો.

અઢાર વર્ષ થાય એટલે જીવનમાં યૌવન પ્રગટે; જેમ કળી ખીલી ફૂલનું સ્વરૂપ ધારણ કરે, નાનો છોડ મોટો થઈ ઘટાદાર વૃક્ષ બને, તેવી જ રીતે યૌવનનો થનગનાટ ઉર્મિઓ ને આકાંક્ષાઓનો ઉદય થાય.

નિલોષા બાળપણ વિતાવી ચૂક્યું છે, યૌવનને ભેટી રહ્યું છે ન તેનો અશ્વસમો થનગનાટ કહી રહ્યો છે.

**" ૐ મા ૐ " પરમશક્તિ મંત્ર**

જીવનજળને બદલે મેરા જીવનજળ,
માનવતા વ્રત,
ફૂલ-હાર તોરા બંધ,
પ્રસાદમાં પરિવર્તન,
આ બધો યૌવનનો ઈશારો છે.

આગળ શું કરે છે તે હવે જોવાનું રહ્યું.



Scanned by CamScanner

આજ નિલોષા પ્રવેશે યૌવનમાં, યુવાનીની ચેતના
પરિવર્તન પામે ક્રાંતિમાં, ક્રાંતિતણી મશાલ રાજયોગીના હસ્તમાં,
માત એક હસ્તથી અર્પે બળતણ મશાલને,બીજા હસ્તથી અર્પે ટેકો રાજયોગીને.

કાર્યકર્તાઓ નિલોષાતણા, મનુજોને આવકારે પ્રેમથી,
ઉષા-નલિન બેલડી, સર્વદા રહે આનંદમાં,
અરજ માતને, સદા રહે જે સાથમાં,
સદા રહે જે સાથમાં, અમી વર્ષા વરસાવ્યા કરજે
આલમ તણા દુ:ખી માનવીઓને, નિલોષા દીવાદાંડી સમું ભાસતું
તેના તેજ થકી પાસ આવે, સહુ આનંદનો અહેસાસ માણે

**આ વિશ્વના દુ:ખી માનવીઓને માટે 'નિલોષા' એક દીવાદાંડી સમાન છે.**

દીવાદાંડી એટલે દિશા દર્શાવતું એક સાધન, જે એક પ્રકાશ છે, જે દરિયા કિનારે રાખવામાં આવે છે. તે સતત ઝબક ઝબક થયા કરે છે. જેનાથી વહાણને કિનારે જવાની દિશા મળે છે, કિનારો નજીક આવી ગયાની જાણ મળે છે, આ દીવાદાંડી દિવસ કરતાં પણ રાત્રીના અંધકારમાં વહાણ હંકારતાં નાવિકને કિનારે પહોંચવા માટે વિશેષ ઉપકારક નીવડે છે તે જ રીતે જિંદગીના આધિ વ્યાધિ ઉપાધિમાંથી મુક્ત થવા માટે, તેનું નિરાકરણ શોધવા માટે 'નિલોષા' માંથી માર્ગદર્શન મળે છે - મળશે. અને મળતું રહેશે. આધિ વ્યાધિ ઉપાધિથી ઘેરાયેલા મનુષ્યને ક્યારેક ક્યારેક તો જિંદગીમાં નર્યો અંધકાર જ ભાસે છે, તે કંઈ જ જોઈ શકતો નથી, તેને કંઈ જ સૂઝ નથી પડતી, તે કંઈ જ નક્કી નથી કરી શકતો, તેવા સમયમાં આ 'નિલોષા' વિશ્વના તમામ મનુષ્યો માટે એક દીવાદાંડી સમાન છે, અને રહેશે.

આ દીવાદાંડીના તેજ થકી મનુષ્યની જિંદગીનો અંધકાર ધીમે ધીમે દૂર થશે અને જીવનમાં એક નવી જ આશા, એક નવી જ શ્રધ્ધા એક નવી જ શક્તિનો ઉદય થશે, જેના થકી મનુષ્યને આનંદનો માત્ર અનુભવ પણ જ નહિ, તેને સતત આનંદ માણવા જ મળશે.

આજ નિલોષા પ્રવેશે યૌવનમાં
યુવાનીની ચેતના
પરિવર્તન પામે ક્રાંતિમાં

યુવાનીની ચેતના હમેશાં કંઈક નવું કરવા થનગનતી હોય છે. કંઈક પરિવર્તન કરવા તે ઉત્સુક હોય છે. તેને ક્રાંતિ સર્જવાના અરમાનો જાગે છે. પણ આ પરિવર્તન અને ક્રાંતિ ખંડનાત્મક નહિ, સર્જનાત્મક, કંઈક નવું જ નિર્માણ કરવાનું દર્શન અને એ દર્શનને સમાજના-વિશ્વના કલ્યાણ માટે વહેતું કરવાનો અંતરનો ઉમળકો અને એ દર્શન પણ દેશકાળને અનુરૂપ વ્યવહારુતાનું અભિજ્ઞાન મેળવવાનું અને તે સમષ્ટિના હિતમાં રજૂ કરવાનું.

આ વાત કહેવામાં, રજૂ કરવામાં, સમજવામાં જેટલી સરળ છે તેટલી આચરણમાં મૂકવી સરળ નથી. તે ખૂબ દુષ્કર છે. કારણકે પરિવર્તન લાવવા માટે, ક્રાંતિ સર્જવા માટે સ્વંય બદલાવું પડે, સત્યનો સ્વીકાર કરવો પડે, સત્યને પામવું પડે અને સત્યની પ્રસ્થાપના માટે ડગ ઉપાડવા પડે, પછી ભલે ગમે તે



Scanned by CamScanner

થાય એને માટે વજ્ર જેવું જિગર જોઈએ, ખમીર જોઈએ, ફનાગીરી જોઈએ અને સત્યમાં શ્રધ્ધા જોઈએ. પરિવર્તન અને ક્રાંતિની ઉપકારકતા કે વ્યવહારુતા પણ સમજાવી જોઈએ.

અને એટલે જ માતાજીએ - પરમતત્ત્વે મને આ કાર્ય સોંપીને ક્રાંતિની મશાલ પ્રગટાવી છે. એ મશાલ પ્રગટાવીને મારા હાથમાં મૂકી છે. એક બાજુથી તેઓ મારી પડખે રહીને મને સતત માર્ગદર્શન આપી રહ્યાં છે. અને બીજી બાજુ મારા હાથમાં મૂકેલી મશાલની જ્યોતને સતત પ્રજ્વલિત રાખવા તે તેના અલૌકિક પ્રેમ, દિવ્ય શક્તિ અને શ્રધ્ધાનું બળ આપી રહ્યાં છે.

'નિલોષા' બાળપણ વીતાવી ચૂક્યું છે. યૌવનને ભેટી રહ્યું છે ને તેનો અશ્વ સમો થનગનાટ કહી રહ્યો છે:

**ૐ મા ૐ - પરમ શક્તિ મંત્ર,**
'જીવનજળ' ને બદલે 'મેરા જીવનજળ',
માનવતા વ્રત,
ફૂલ હાર તોરા બંધ,
પ્રસાદમાં પરિવર્તન.
આ બધો યૌવનનો ઈશારો છે.

યૌવન એ થનગનતી માનવીય ચેતના તો છે જ, પણ એમાં પરમાત્મા પ્રત્યેનો અલૌકિક પ્રેમ,દિવ્ય શક્તિ અને શ્રધ્ધાનું બળ ભળે ત્યારે તે પરિવર્તન લાવી શકે, ક્રાંતિ સર્જી શકે. તેનો સ્વીકાર સહજ બને-બની શકે.

અરે, માત્ર યુવાનીમાં જ શા માટે, હું તો એમ કહીશ કે, જિંદગીના છ, સાત, આઠ દાયકા વીતાવ્યા પછી પણ પરમાત્માના અલાકિક પ્રેમ, દિવ્ય શક્તિ અને શ્રધ્ધાના બળનું જીવનમાં સિંચન થતું રહે તો પોતાના જ જીવન, ઘર, કુંટુંબ, સમાજ અને સમસ્ત વિશ્વમાં પરિવર્તનની - ક્રાંતિની આવશ્યક્તા અનિવાર્યતા સમજી શકાશે. એનો સ્વીકાર કરી શકાશે.

એટલે પ્રથમ પરિવર્તનની - ક્રાંતિની આવશ્યક્તા અને અનિવાર્યતા સમજવી જરૂરી છે.

યૌવનનો થનગનાટ અશ્વ સમો હોય છે. યૌવનને અથવા જિંદગીની ગમે તે પળે માનવીય ચેતનાને અલૌકિક પ્રેમ અને દિવ્ય શક્તિનો સ્પર્શ મળે તો જિંદગીની - ચેતનાની ગતિ અશ્વ સમી બની જાય છે. અશ્વ એ થનગનતી ચેતનાનું પ્રતીક છે. વેગનું પ્રતીક છે તેમ જ ગતિનું પ્રતીક છે.

માતાજીની દિવ્ય પ્રેરણા અને શકિતથી જે પરિવર્તન આવ્યું છે તે પરમ શક્તિ મંત્ર - ૐ મા ૐ, મેરા જીવનજળ અને માનવતા વ્રત છે. એટલું જ નહિ, માતાજીએ ફૂલ હાર સ્વીકારવાનું બંધ કરાવ્યું છે તેમ જ પ્રસાદમાં મેવા-મિઠાઈને બદલે શેકેલા સાદા મોળા ચણા અને ઘરમાં બનાવેલી ગોળ-પાપડી (સુખડી) અને તલસાંકળી ધરાવવનો આદેશ આપ્યો છે. જે આજના સમયમાં શરીર સ્વાસ્થય માટે વિશેષ ઉપકારક છે. વળી એ માટે વધુ ખર્ચ પણ થતો નથી. જેથી સામાન્યમાં સામાન્ય માનવી પણ તે ધરાવી શકે છે. અહીં સમાનતાની ભાવના પણ ઉદ્ભવી શકે છે. રાય કે રંક પરમતત્ત્વને માટે તો દરેક સરખા છે. વિશ્વમાં પરસ્પર સમાનતાની ભાવના કેળવવા, ઉચ્ચ-નીચના, ગરીબ-તવંગરના ભેદભાવ નિવારવા દરેક પાસેથી પરમતત્ત્વ - માતાજી એક સરખો જ પ્રસાદ આરોગવા માંગે છે અને માતાજીને ધરાવેલો એ



Scanned by CamScanner

પ્રસાદ જ્યારે તમે આરોગશો ત્યારે તમે સૌ પણ તમારી ચેતનામાં એક નવી જ શક્તિનો સંચાર અનુભવી શકશો.

**માતાજીની આ કેટલી મોટી કૃપા છે ?**

વળી જુદી જુદી અનેક શારીરિક તકલીફોમાં માતાજીએ ચણા ખાવાનું સૂચન તો પ્રથમથી જ કર્યું છે તે તો આપણે સૌ જાણીએ જ છીએ.

હવે માતાજીએ ફૂલ હાર કેમ બંધ કરાવ્યા તેનો મર્મ જાણો છો? એનું રહસ્ય તમારે જાણવું છે?

એની પાછળનો મર્મ એવો છે કે, પ્રશંસા, યશ, માન, સન્માનની ખેવના ન રાખો. તમે કાર્ય કર્યે જાવ. અપમાન-અપયશથી વ્યથિત ન થાવ. તમે તમારી નજર તમારા ધ્યેય તરફ, કાર્ય તરફ જ રાખો. દુન્યવી સ્વાર્થ ને સંકુચિતતાની તો કોઈ પરિસીમા જ નથી હોતી. વળી કોઈના પણ માન-સન્માન માટે ફૂલ હાર કંઈ અનિવાર્ય નથી. માન સન્માન તો અંતરનો એક ભાવ છે. લાગણી છે અને તે દ્વારા જ વ્યક્ત કરી શકાય છે. કોઈપણ વ્યક્તિ કોઈ પણ સેવા કાર્ય કે સત્કાર્ય કરતી હોય એને તમે તેને સાથ સહકાર આપો, તેની પડખે ઊભા રહો તો તે વ્યક્તિ પ્રત્યેનું તમારું ઘણું મોટું માન - સન્માન બની રહેશે. વળી, એથી અહંકાર અને ઈર્ષા પણ નાશ પામશે અને આત્મીયતાની - વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકશો.

કોઈપણ વ્યક્તિ માટે માન-સન્માન આદર દર્શાવવા એટલે તેનો પ્રેમપૂર્વક આત્મીયતાથી સ્વીકાર કરવો. અને એટલે જ મેં કહ્યું છે કે તમે સૌ પ્રેમનાં પુષ્પો લઈને આવો. તમે તમારો દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ લઈને આવો, ભક્તિ રસમાં તરબોળ થઈને આવો. હું પણ તમને દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ ચેતનામાં તરબોળ કરી દઈશ. ડુબાડી દઈશ.

માનવતા વ્રતનું જેટલું બને તેટલું આચરણ કરવા પ્રયત્ન કરજો અને પછી તમને શું અનુભવ થાય છે, તમને કેવો આનંદ આવે છે, તમારી ચેતનામાં કેવો થનગનાટ પ્રગટે છે તે મને કહેજો.

પરિવર્તન અને ક્રાંતિની વાત કરું છું ત્યારે તમારે સૌ એ પણ એ તરફ નજર રાખવાની છે. તમારા અંગત જીવનમાં, તમારી અંગત આધ્યાત્મિકતામાં, ઉપાસનામાં તમને જે ફેરફાર જણાય, તમને જે સાચું જણાય તેનો સ્વીકાર કરી તેને અનુસરશો તો તમારા અંગત જીવનમાં, કુટુંબજીવનમાં તો અવશ્ય સુખ શાંતિ અને આનંદનો અનુભવ કરી જ શકશો.

સમાજની - વિશ્વની એક એક વ્યક્તિ જો પરિવર્તનની દિશા તરફ નજર નાખશે તો અવશ્ય ક્રાંતિ સર્જી શકાશે, નવનિર્માણ કરી શકાશે.

યૌવન એટલે જ નવસર્જન, નવનિર્માણ.

**માતાજીની દિવ્ય પ્રેરણા શક્તિથી જે પરિવર્તન આવી રહ્યું છે, તેમાં "જનહિતાય" "જનસુખાય" ની ભાવના ભરેલી છે.**

હવે આજના ઉત્સવની વાત કરીએ ને એ ઉત્સવને માણીએ.

સર્વે મનુજો રાહમાં સાતમીની, મનુજો પ્રેમથી આવકારે સાતમીને,
સાત અડીખમ હિમાલય સરીખો, જેથી પ્રવેશ અર્પ્યો માતે,
રાજયોગીને જગતમાં સાતમીએ.



Scanned by CamScanner

સૂર્ય ચંદ્ર સંતાકૂકડી રમે, ચક્ર વર્ષોતણાં ફરતા રહે.
ચક્ર ચોસઠનો અસ્ત, ચક્ર પાંસઠનો ઉદય.
ચક્ર ચોસઠ ફેરવીયાં, આજ ઉભો પાંસઠમાં ચક્રસાથ
અરજ માતને,
પાંસઠમાં ચક્રની બની રહેજે ધરી.

સાતમી સપ્ટેમ્બરને આપણે રાજયોગી નરેન્દ્રજીના જન્મદિન તરીકે ઉજવીએ છીએ. મારા મત મુજબ મારૂં અવતરણ માનવ સેવા, માનવતા મહેંકાવવાનું અને માનવતા પ્રસરાવવાનું છે. જેથી આ દિવસને આપણે

**" માનવતા દિન " તરીકે ઉજવીએ**

ચોથી સપ્ટેમ્બરને આપણે નિલોષાના મહોત્સવ તરીકે ઉજવીએ છીએ. આ દિવસે નિલોષા પર માનવ સેવાયજ્ઞ ચાલુ થયો જેથી આ દિવસને આપણે ' **સેવા દિન** ' તરીકે ઉજવીએ.

**માનવતા દિનની ઉજવણી**

૧. માનવતા વ્રતનું આચરણ કરવાનું.
૨. મન વચન કર્મની પવિત્રતા રાખવાની.
૩. વાણી, વર્તન, વ્યવહારની એકરૂપતા રાખવાની.
૪. નવ સિધ્ધાંતોનો જીવનમાં આત્મસાત્ કરવાના.

ઉપર દર્શાવેલા ચાર નિયમોને જીવન પ્રણાલી બનાવીને જીવન જીવવાનો સંકલ્પ કરવો. આ પ્રમાણે કરવાથી જ માનવતા દિનનું સાતત્ય જાળવી શકાશે.

**મેરા જીવનજળ અને દિવ્ય ઔષધિ**

માતાજીના આદેશથી મારી પાસે વ્યક્તિગત મુલાકાતે આવનાર વ્યક્તિને તેના આધિ, વ્યાધિ, ઉપાધિના વ્યક્તિગત પ્રશ્નો અંગે મેરા જીવનજળ, અન્ય સૂચનો અને પરમશક્તિ મંત્ર " **ૐ મા ૐ** " ના જપ કરવા માટે જણાવું છું. સાથે સાથે નીચે દર્શાવેલ આચાર સંહિતા અપનાવવી જરૂરી છે.

શુધ્ધ સાદો સાત્વિક ખોરાક લેવો.
ભોજન કરતી વખતે પેટ થોડું ખાલી રાખવાનું.
દરરોજ સવારે એક કપ ગરમ પાણી પીવાનું.
દરરોજ સવારે હળવી કસરત કરવી.
ખાંડ અને મીઠું શક્ય તેટલું ઓછું લેવું.
કોઈપણ જાતના વ્યસનથી દૂર રહેવું.
દા.ત. પાન, બીડી, તમાકુ, સીગારેટ, માદક દવ્યો, માંસ, મચ્છી, મદીરા.

ઉપરોક્ત આચાર સંહિતાને જીવનમાં ચુસ્તપણે અપનાવશો તો સ્વાસ્થ્યમાં ચોક્કસ ફાયદો થશે. મેરા જીવનજળની શરૂઆત તા. ૨૫-૯-૯૫ થી થઈ. જીવનજળથી ટેવાયેલા ભક્તોને " મેરા જીવનજળ " ની એક ચમચીથી સંતોષ થતો નહતો. વળી " મેરા જીવનજળ " બનાવવાની પધ્ધતિમાં અટવાઈ જવાય છે. આ સમસ્યાને હળવી કરવા ' મેરા જીવન જળ ' નીચે દર્શાવ્યા પ્રમાણે લેવું.



Scanned by CamScanner

## ' મેરા જીવન જળ ' બનાવવાની અને લેવાની પધ્ધતિ.

૧. એક ચપટી અભિમંત્રિત કરેલા મેથીરાઈ એક ચપટી સાદા પાણીમાં એકી સાથે અડધો કલાક પલાળવાં.
૨. પલળેલાં આ મેથી રાઈ પાણી સાથે જ ખાઈ જવાં કે ગળી જવાં.
૩. મેથી રાઈ ખાઈ કે ગળી ન શકતાં હોય તેવાં બાળકો કે વ્યક્તિઓને વાટીને જમવામાં ભેળવીને આપવાં.
૪. મેરા જીવન જળમાં ફક્ત જળનો જ ઉપયોગ કરવો હોય તો પલળેલાં મેથી રાઈને બગીચામાં કે જળાશયમાં પધરાવી દેવાં.

આપણે સૌ સંક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યાં છીએ. આજનો યુગ વિજ્ઞાનયુગ ગણાય છે. વિજ્ઞાને જે જે સિધ્ધિઓ મેળવી છે તેનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. તો સાથે સાથે વિજ્ઞાને જે વિનાશકતા વેરી છે વેરી રહ્યું છે તેનો પણ અસ્વીકાર થઈ શકે તેમ નથી તો બીજી બાજુ ધર્મ છે, પરમ તત્ત્વના સ્વીકાર - અસ્વીકારનો ઘણો મોટો વિવાદ અને ઉપહાસ છે. આવા સમયમાં વિજ્ઞાન અને ધર્મ અંગે શાંતિથી વિચાર કરી તેમાં જે અનિષ્ટ તત્ત્વો પ્રવેશ્યાં છે તેને દૂર કરીને માનવજીવનને વ્યવહારુ ઉપકારક અને સમસ્ત વિશ્વને માટે કલ્યાણકારી હોય તેવો ઉપાય શોધવાની જરૂર છે, ઉકેલ મેળવવાની જરૂર છે.

આજે આપણે કોમ્પ્યુટર યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ. પરંતુ ભઆરતની - ભારતવાસીઓની એક મોટી નબળાઈ કે દયનીયતા છે તે તેના વહેમ અને અંધશ્રધ્ધા. જ્યાં સુધી વ્યક્તિમાંથી, ઘરમાંથી, કુટુંબમાંથી કે રાષ્ટ્રમાંથી વહેમ અને અંધશ્રધ્ધા દૂર નહિ થાય ત્યાં સુધી વ્યક્તિવિકાસ, કુટુંબનું કલ્યાણ કે રાષ્ટ્રીય ઉત્થાન શક્ય નથી.

આત્મોત્થાન અને રાષ્ટ્રીય ઉત્થાન માટે આપણે સૌ વહેમ અને અંધશ્રધ્ધામાંથી બહાર આવવાનો સંકલ્પ કરીએ અને એ દિશામાં ડગ ઉપાડીએ.

વહેમ અને અંધશ્રધ્ધા વિશે હું અગાઉ આપને કેટલીક વાતો કરી જ ગયો છું આપણે થોડોક વિગતે વિચાર કરીએ.

વિજ્ઞાને જે અવનવી સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો કેવળ વિશ્વના ઉત્થાનમાં કલ્યાણમાં જ વિનિયોગ થવો ઘટે. અણુબોંબ બનાવવાના બંધ થવા જોઈએ અને એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર સાથે જે કંઈ મતભેદ કે વાંધો હોય તો સાથે બેસીને ખુલ્લા દિલથી, પોતીકા પૂર્વગ્રહો અભિગ્રહોથી અળગા રહીને રાષ્ટ્રના વિશ્વના કલ્યાણમાં નિર્ણયો લેવાવા જરૂરી છે. આ રીતે જો રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના મતભેદો દૂર થઈ જશે તો પછી અણુબોમ્બની આવશ્યકતા નહિ રહેશે. અણુબોમ્બ વિજ્ઞાનની સિધ્ધિ તરીકે સ્વીકારીએ અને તેમાં રહેલી વિનાશકતાને કારણે તેનો ઉપયોગ ન કરીએ.

આજે લોકોને જ્યોતિષ શાસ્ત્રમાં ખૂબ દિલચશ્પી જાગી છે. જ્યોતિષ એક શાસ્ત્ર છે. વિજ્ઞાન છે અને તેનો યોગ્ય અભ્યાસ રસ હોય તો કરો તો વાંધો નથી પણ જ્યોતિષ અંગે મેં મારો પ્રતિભાવ તો દર્શાવી જ દીધો છે. તેથી હું કહીશ કે કોઈ પણ માનવીને કોઈ પણ અવકાશી ગ્રહ નડતો નથી. ગ્રહો પણ માનવીના કર્મો પ્રમાણે જ આવે છે. વળી ખુદ માણસ જ માણસને નડે છે. માણસ જો માણસને નડવાનું બંધ કરે તો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કુટુંબમાં, સમાજમાં રાષ્ટ્રમાં અને આખા વિશ્વમાંથી મોટા ભાગની



Scanned by CamScanner

અશાંતિઓ અરાજકતા, વિષમતાઓ દૂર થઈ શકે તેમ છે. એટલું જ નહિ, આત્મીયતાનો સેતુ રચાઈ શકે. આત્મીયતાનો સેતુ રચવા માટે એક બીજાને નડવાનું બંધ કરો, એકમેકને સાથ સહકાર આપીને કાર્ય કરો, જે વ્યક્તિ જે કાર્ય કરે છે. તેમાં પરમ તત્વની ચેતના જ કારણ ભૂત હોય છે, તેથી કોઈપણ વ્યક્તિને નડવાનું બંધ નહિ કરો, તો એ પછી તમને બંધનકર્તા બની જશે. એ કર્મ તમારે ભોગવવું પડે માટે સાથ સહકાર ને સદ્‌ભાવના કેળવીને આત્મીયતા કેળવીને જીવન જીવવાનો અભિગમ કેળવશો તો તમને કશી જ અડચણો આવશે નહિ.

વ્યક્તિને કોઈ પણ પ્રકારના દોષો નડતા નથી જ્યાં જાવ ત્યાં, જે કાર્ય કરો તે વખતે તમારા ઈષ્ટદેવને પ્રાર્થના કરજો કે હે પરમાત્મા, તારા આશીર્વાદ તારી શક્તિ, કૃપા અમારા પર વરસાવ, તારી અમી દ્રષ્ટિ રાખજે અને કોઈ અશુભતા હોય તે દુર કરીને શુભત્વનું નિર્માણ કરીને અમારું કલ્યાણ કરજે.

તમે પુરુષાર્થ કર્યે જાવ. ઈષ્ટદેવને પરમ તત્વને સાથે રાખો, તમે સાચા હશો તો સફળતા મળશે જ મળશે. પરમાત્મા દસે દિશાએથી મારું રક્ષણ કરી રહ્યા છે, એ બધું જ જોઈ રહ્યો છે અને સમય આવ્યે જરૂર પડ્યે તેની શક્તિ કાર્યશીલ બનવાની જ છે અને બનશે જ એવી શ્રધ્ધા એવો દઢ સમર્પણ ભાવ એજ પરમતત્વ પ્રત્યેની અધીનતા હશે તો પરમાત્માની સહાય અવશ્ય મળશે જ મળશે.

લગ્ન પછી છેડાછેડી છોડવાનો રીવાજ છે. એ માટે પોતાના રહેઠાણ થી અમુક ચોક્કસ જગ્યાએ કે વતનમાં જઈને ત્યાં વિધિ કરવાની હોય છે. પુત્રની બાબરી ઉતારવા પણ અમુક ચોક્કસ જગ્યાએ જવાનો રિવાજ હોય છે. એ માટે ખાસ્સો ખર્ચ થાય છે. આની કંઈ જ જરૂર નથી. તમે જ્યાં રહો છો ત્યાં જ ઘરમાં જ જે તે વિધિ પતાવી દો તો ખોટા ખર્ચામાંથી મુક્ત થઈ શકશો.

અમુક નડતર થાય છે, અમુક દોષ લાગે છે, અમુક પ્રસંગે બલિ ચઢાવવાનો રીવાજ હોય છે આ બધાની કશી જ આવશ્યક્તા નથી હોતી. જીવ માત્ર પર દયા કરવી તે જ ધર્મ છે. કોઈને પણ નડતર રૂપ ન થવું તે પવિત્ર ફરજ છે.આપણાં ઘરમાં કુટુંબમાં લગ્ન, જન્મ કે મરણ પ્રસંગે એવા ઘણા રીતરીવાજો ઘર કરી ગયા છે. જેને આજના સમય ને સંજોગોને અનનુરૂપ બની દૂર કરવા જરૂરી છે.જેથી ઘણી વિટંબણાઓ, ખોટા ખર્ચાઓ અને અથડામણોમાંથી મુક્ત થઈ શકશો.

મનની સંકુચિતતાઓને દૂર કરો, સાથ સહકારની ભાવના કેળવો, કશું જ અશક્ય નથી.

પરમતત્વ પ્રત્યેની શ્રધ્ધા, શરણાગતિ, સમર્પણ એક મોટું વિજ્ઞાન છે, ઉપાસના એક મોટું શાસ્ત્ર છે, પુરુષાર્થ, નમ્રતા, હિંમત, ધીરજ અને સહનશીલતા જ જીવનસંગ્રામમાં લડવાનાં શસ્ત્રો છે. માનવતા જેવો બીજો મોટો ધર્મ નથી.

વિજ્ઞાનની સિધ્ધિઓનો કલ્યાણાર્થે વિનિયોગ થાય તો રાષ્ટ્રનું ઉત્થાન હાથવેંતમાં છે. વહેમ અને અંધશ્રધ્ધા એ માનવ મનની કેવળ સંકુચિતતા છે, ગ્રંથિ છે એને દૂર કરીને સતત કાર્ય કર્યે જાવ. તમારા પ્રારબ્ધની કઠિનતા દૂર થશે. અશુભ અસરો હશે તો તેનું નિવારણ થશે. પરમ તત્વને સાથે રાખો, તમારું રક્ષણ થશે જ થશે. તમારું દિલ સાફ હશે અને પરમ તત્વને સાથે રાખી, એને ઓળખીને કાર્ય કર્યે જશો તો તમારું કોઈ કંઈ જ બગાડી શકશે નહિ એની હું તમને ખાતરી આપું છું.

ૐ મા ૐ



Scanned by CamScanner

# માતાજીનો સાક્ષાત્કાર

તા. ૬-૯-૯૬ શુક્રવાર

તા. ૬-૯-૯૬ શુક્રવારે વહેલી સવારે ૩ વાગે હું મારા પલંગમાં પડખે માતાજીની છબી બાજુ ઘસઘસાટ ઉંઘતો હતો. માતાજીએ એ બાજુ ઉભા રહી મને ખભેથી ઢંઢોળ્યો. હું જાગી ગયો. જોયું તો માતાજી સામે જ મૃદુ હાસ્ય વેરતાં ઉભાં હતાં. હું બેઠો થઈ પગે લાગવા જાઉં તેટલી વારમાંજ માતાજી ચાલીને પલંગની આગળની બાજુ આવીને પલંગની મધ્યમાં બેસી ગયાં. હું ઉઠીને આવીને માતાજીના પગપર માથું ટેકવીને બેસી ગયો. માતાજીએ મને ખભેથી પકડીને પલંગમાં તેમની ડાબી બાજુએ બેસાડી દીધો. મારા વાંસા પર અને માથા પર વાત્સલ્યસભર હસ્ત પસવાર્યો. થોડી વાતો કરી પછી માતાજી ઉભાં થઈ સોફામાં જઈને બેઠાં. હું તેમના ચરણમાં બેસી ગયો. થોડીક વાર પછી સોફામાંથી ઉભા થઈ બાજુમાં રાખેલ ટેબલ પાસે આવ્યાં. પ્રસાદની ડીસ ઉપરનો રૂમાલ ખોલી વાડકીમા ધરાવેલ કાજુ, બદામ, પીસ્તા, દ્રાક્ષ, શેકેલા ચણામાંથી એક એક લઈને આરોગ્યાં. ખાંડ મિશ્રિત બદામનો ભૂકો સ્વહસ્તે લઈને આરોગ્યો. પછી મુખવાસનો ભૂકો લઈને આરોગ્યો. માતાજીએ પોતાના સ્વહસ્તે શ્રીફળ લઈને મને હાથમાં આપ્યું. હું શ્રીફળ લઈને બાજુમાં ઉભો રહી ગયો. પછી માતાજીએ જગ ઉંચકીને જાતે ગ્લાસમાં પાણી કાઢ્યું અને થોડું પીધું. આ સમગ્ર કાર્યવાહિ દરમિયાન હું માતાજીની સાથેજ ઉભો હતો. માતાજીએ ગ્લાસ મૂકીને ડાયરી પર બદામ પધરાવી. પછી ફરીથી પલંગમાં મધ્યમાં બિરાજમાન થયાં અને હું માતાજીની બાજુમાંજ હાથમાં શ્રીફળ રાખીને બેઠો મેં શ્રીફળ પલંગ પાસેની ટીપોય પર મૂક્યું, માતાજીએ તેમનો ડાબો હાથ વહાલથી મારા ગળામાં પરોવીને ખભા પર રાખીને આનંદથી મૃદુહાસ્ય વેરતાં કાર્યયજ્ઞ વિષે કંઈ કેટલાયે વાતો કરીઃ થોડી વાર પછી માતાજી ઉભા થયાં. હું પણ તેમની સામે ઉભો રહી ગયો. માતજીએ પોતાની બે અંગુલીથી મારા કપાળમાં ચાંલ્લો કર્યો. પછી પ્રકાશનો એક ઝબકારો થયો ને માતાજી અંતર્ધ્યાન થઈ ગયા. તે વખતે ઘડિયાળમાં ૩-૨૫ વાગ્યા હતાં. વાતાવરણમાં આલ્લાદક સુવાસ પ્રસરી રહી હતી.

માતાજીની પ્રત્યક્ષ હાજરીની ચહલપહલ, વાતોનો ગણગણાટ અને આલ્લાદક સુવાસને માણતા બ્હેનજી અને મમ્મીજી રૂમમાં પ્રકાશનો ઝબકારો થયો ત્યારનાં દરવાજા બહાર બેસી ગયાં હતાં.

૩-૩૦ વાગે પૂજ્યશ્રીએ દરવાજો ખોલ્યો અમે સ્વર્ગીય વાતાવરણની પ્રત્યક્ષતા અનુભવી. પૂજ્યશ્રીના સ્વમુખેથી સાંભળ્યું કે, માતાજીએ ગોલ્ડન કલરની સીલ્કની સફેદ ઝરી ભરેલી ભારતીય ઢબની સાડી પરિધાન કરી હતી. વાળનો અંબોડો વાળ્યો હતો. ગળામાં સોનાનો હાર હતો, કાનમાં કુંડલ (નાના ટોપ્સ) હાથમાં કંગન અને પગમાં સાદા નૂપુર હતાં. માતાજીએ આછા આભૂષણો પરિધાન કર્યા હતાં. ભાલ પ્રદેશમાં કંકુનો ચાંલ્લો હતો. માતાજી જ્યાં પલંગમાં અને સોફાપર બેઠાં હતાં અને ચરણ ટેકવ્યાં હતાં ત્યાં બેઠકની છાપ વર્તાય છે અને સુવાસ આવે છે. સોફામાં રાખેલ તકિયા પર માતાજીએ હાથ રાખ્યો હતો ત્યાં અંગુલીની છાપ દેખાય છે. બદામના ખાંડ મિશ્રિત ભૂકાની ડીશમાં અને મુખવાસના ભૂકાની વાડકીમાં માતાજીની આંગળીઓની છાપ દેખાય છે. ગ્લાસ રાખેલ ડીશમાં થોડો મુખવાસનો ભૂકો પડેલો દેખાય છે. પાણી લેતી વખતે કદાચ આ ભૂકો આંગળી પર ચોંટેલો હશે તે પડ્યો હશે. ગ્લાસમાં પાણી થોડું પીધા પછી પાણી ગ્લાસમાં રહેવા દીધું છે. પૂજ્યશ્રીના ભાલ પ્રદેશમાં ચાલ્લાં કર્યા છે તેમાં ૐ નું પ્રતિક દેખાય છે.



Scanned by CamScanner

# "નિલોષા મહોત્સવ"

તા. ૪-૯-૯૬ બુધવાર

તા. ૪-૯-૯૬ બુધવારે નિલોષાનો અઢારમો મહોત્સવ દિન હતો. ઉષાબેન નલિનકાંતની જીવનધન્યતાનો મંગલ દિવસ. માતાજીની રૂમને સુંદર રીતે સજાવીને શણગારી હતી, માતાજીને અંતરના ઉમળકાથી નીચેનો પ્રસાદ ધરાવ્યો હતો.

(૧) બુંદીના લાડુ (૨) સેવ ઉસળ (૩) સૂકો મેવો. જુદીજુદી વાડકીઓમાં ધરાવી ડીશમાં રાખ્યો હતો-કાજુ, બદામ, અખરોટ, અંજીર, સીંગનો ખાંડ એલચી મિશ્રિત ભૂકો. તેના ઉપર કેસરથી ૐ ચીતર્યો હતો. મોળા શેકેલા ચણા. (૪) મુખવાસનો મીક્સ ભૂકો. (૫) એક ગ્લાસમાં બદામ કેસરનું દુધ (૬) એક ગ્લાસમાં પીવાનું પાણી.

સવારે ૧૧-૧૫ કલાકે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી, મમ્મીજી અને બ્હેનજી સાથે નિલોષા પધાર્યા. ભાગ્યશાળી નિલોષા દંપતિસહ ભક્તોએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. આરતી ઉતારી. ૐ મા ૐ ના મંત્રજપ સાથે પૂજ્યશ્રીએ દીપ પ્રગટાવ્યો, માતાજી પ્રત્યક્ષ પધારી પ્રેમથી પ્રસાદ આરોગે તેવી પ્રાર્થના કરી, પૂજ્યશ્રીને, માતાજીને જમાડવા માટે વિનંતી કરી.

પૂજ્ય ગુરૂદેવ ખુરસીમાં તેમના સ્થાને જ બેસી રહ્યા. બરોબર ૧૧-૧૫ કલાકે માતાજીએ સ્વહસ્તે પ્રસાદ આરોગ્યો, અને જળ પીધું. પૂજ્ય ગુરૂદેવે નિહાળેલ આ દિવ્ય દર્શનને પૂજ્યશ્રીએ તેમના સ્વમુખે નીચે પ્રમાણે વર્ણવ્યુ.

**" હું ખુરસીમાં જ બેઠો બેઠો માતાજીના આગમનની રાહ જોતો હતો ૧૧-૨૫ કલાકે માતાજીના કંગન પહેરેલા બે હસ્ત પ્રસાદની વાનગીઓમાંથી દરેક વાનગી લેતાં મેં જોયાં. જળના ગ્લાસ પર માતાજીએ હસ્ત ફેરવ્યો પછી ટેબલ પર રાખેલ પ્રસાદની ડીશો વચ્ચે જગ્યા હતી ત્યાં આગળ અંતરીક્ષમાંથી લીલા રંગની એલચીની વર્ષા થતી મેં નિહાળી, એલચીની ઢગલી ત્યાં આગળ થઈ ગઈ હતી. વાતાવરણમાં દિવ્ય સુવાસ પ્રસરી રહી હતી,"** નિલોષા ઉપર ઉપસ્થિત સહુ ભક્તોએ આ દિવ્યતાના દર્શન કરી ધન્યતા અનુભવી.

પાછળથી એલચી ગણતાં ૩૩૩ હતી. ત્રણ વખતના ત્રણનો અર્થ આપણે નીચે પ્રમાણે ઘટાવીએ.

(૧) મન વચનકર્મની પવિત્રતા

(૨) વાણી વર્તન વ્યવહારની એકરૂપતા.

(૩) નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત કરીએ.

ત્યાર પછી ગુરૂદેવને પાણી પીવા માટે ગ્લાસમાં પાણી આપ્યુંતો તે ગ્લાસમાં માતાજીએ એક કાજુ અને એક બદામ પધરાવ્યા હતાં.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# જન્માષ્ટમી-રાજ રાસેશ્વર ઉત્સવ

તા. ૫-૯-૯૬ ગુરૂવાર

ગાયત્રી માતાના વહાલા બાળકો,

**શ્રી કૃષ્ણનું જીવન ચારભાગમાં વહેંચી શકાય.**

(૧) બાળપણ ગોકુળમાં (૨) કંસવધ મથુરામાં

(૨) રાજા દ્વારિકામાં (૪) સારથિ રણક્ષેત્રમાં

(૧) બળપણમાં ગોકુળની અંદર નિર્દોષભાવે ખેલ ખેલ્યા, પરંતુ તેની અંદર તેને પોતાની આત્મિકશક્તિનો ખ્યાલ આપી દીધો હતો. દા. ત. નાગદમન, પુતના વધ, ગોર્વધન પર્વત ધારણ કર્યો, અશુરોનો નાશ વિગેરે.

સાથેસાથે ગોપગોપીઓ સંગ ખેલકુદ, બંસરીના સૂરો, એમની બંસરી એવી બજતી કે મનુષ્યો તો ઠીક પણ ગાયો નાચવા લાગતી હતી. બંસરીના સૂરો સર્વેને પાગલ કરતા.

(૨) ગોકુલ છોડી મથુરામાં આવ્યા. કંસનો વધ કર્યો, જાણ થઈ કે કંસ "મારા મામા થતા હતા" તેથી દુ:ખ થયું. દાદા ઉગ્રસેનને ગાદી સોંપી, માતાપિતાને જેલમાંથી મુક્ત કર્યા, ને દ્વારિકા ગયા. મથુરામાં તેમનું કાર્ય કંસ વધ પૂરતું જ હતું.

(૩) દ્વારિકા આવીને સ્થિર થયા, પોતાના અંગત જાની મિત્ર સુદામા આવ્યા. સુદામાને ગળે લગાવીને તેના કુટુંબ પર અમી વર્ષા કરી, સાથમાં તેનો સલાહકાર મિત્ર દીર્ઘ તો હતો જ.

(૪) મહાભારતના યુધ્ધટાણે પાંડવોની સાથે રહીને સામ, દામ, દંડ, ભેદની નીતિથી પાંડવોને જીતાડ્યાને પાછા દ્વારિકા આવ્યા. દ્વારિકા આવ્યા બાદ ટૂંક સમયમાં જ પોતાના જ કુટુંબના માણસો અંદરઅંદર ઝગડવા લાગ્યા. તેઓને ઝગડતા અટકાવવા શ્રીકૃષ્ણે ઘણા પ્રયાસો કર્યા પરંતુ તેનું કાંઈ પરિણામ આવ્યુ નહિં. જેણે આખુ મહાભારતનું યુધ્ધ જીતાડ્યું તેજ પોતાના ઘરના કુટુંબીઓ આગળ હારી ગયા. આંથી તે ખૂબ જ વ્યથિત બન્યા, ને ભગ્ન હૃદયે ભાલકા ક્ષેત્રે આવ્યા ને પોતાનાજ પ્રિય મિત્ર દીર્ઘને હુકમ આપ્યો ને સ્વધામે પહોંચી ગયા.

આજ આવી રે આઠમ, મને સાંભરે રે મથુરાની જેલ.
અંગૂઠાતણા સ્પર્શે, કીધી યમુના નદી પાર.
આવ્યા ગોકુળમાં, નંદબાવા તણાં ગૃહે.
અરસ પરસ બદલાવ્યા શીશુઓ, ગોકુળમાં ઘેલા કીધા સર્વને.
નીકળ્યો ચાલી વિરહ સર્વેને,

મને સાંભરે રે ગોકુળની ગલીઓ......

સાંદિપનીના આશ્રમમાં, આવી મળ્યા સુદામા ને દીર્ઘ.
એક લખે લેસન, બીજો અંગત સલાહકાર.
ગુરૂતણી ગુરૂદક્ષિણા, માતને પરત આપ્યો બાળ.

મને સાંભરે રે સાંદિપનીનો આશ્રમ.......



Scanned by CamScanner

આવી મથુરામાં, કાર્ય કીધુ કંસને હણવાનું.
ઉગ્રસેનને રાજ્ય સોંપી, વિદાય લીધી.
મને સાંભરે રે મથુરાનો મામોરે.......

વાટ દ્વારિકા પંથની, ધૂરા સંભાળી દ્વારિકાની ગાદીની ને સંસારતણીની,
ફૂંકાયો પવન યુધ્ધનો, સારથી બન્યા અર્જુનના.
વિજય અપાવી પાંડવોને, વિદાય લીધી શ્રીકૃષ્ણે, આવ્યા દ્વારિકામહીં
મને સાંભરે રે ભિષ્મ રણમેદાનનો.......

કુટુંબીઓ તણા કલેશે, દ્વારિકા ચિત્ત ચોંટ્યું નહિ.
આવ્યા ભાલકા ક્ષેત્રે, પૂર્ણ વિરામ કીધો, સિધાવ્યા નિજગૃહે.

કૃષ્ણનું જીવન એટલે પ્રેમમય જીવન. આખા જીવન કાળ દરમિયાન તેમણે પ્રેમ જ વરસાવ્યા કર્યો.

ક્યાં ગોકુળનો નટખટ કૃષ્ણ !
ક્યાં મથુરામાં શૂરવીર !
ક્યાં સાંદિપની આશ્રમનો વિદ્યાર્થી !
ક્યાં દ્વારિકાનો રાજા !
ક્યાં યુધ્ધનો સારથી !
ક્યાં કુટુંબીઓથી ભગ્ન હૃદયી !

જ્યારે અર્જુન રણ મેદાનમાં શસ્ત્રો ત્યજી નિરાશ થયો ત્યારે અર્જુનને વીરરસ રૂપી ગીતા પીરસીને યુધ્ધે ચઢવા માટે તૈયાર કર્યો.

આમ શ્રીકૃષ્ણ માટે કહી શકાય કે,

જન્મ ધર્યો જેલમાં,
ગાયો ચરાવી ગોકુળમાં,
બાહુબળતણું પ્રદર્શન મથુરામાં,
શોભાવ્યું સિંહાસન્ દ્વારિકાતણું,
યુધ્ધમાં અપાવ્યો વિજય પાંડવોને,

આજે હજારો વર્ષો બાદ શ્રીકૃષ્ણ લોકહૃદયમાં ઝૂલતો રહ્યો છે. આવો આપણે પણ શ્રીકૃષ્ણને બોલાવીને અત્રે હીંચકે બિરાજમાન કરી પ્રેમથી ઝૂલાવીએ,

નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી....
હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી....
શ્રધ્ધા કુટિરે આનંદ ભયો, જય કનૈયા લાલકી....
તરીયા તોરણ બંધાવીએ, જય કનૈયા લાલકી....
ખેલ કૂદ કરાવીએ, જય કનૈયા લાલકી....
રાસ ગરબા રચાવીએ, જય કનૈયા લાલકી....



Scanned by CamScanner

માખણ મીસરી પીરસાવીએ, જય કનૈયા લાલકી....
શીવજીને રાસ રમવા બોલાવીએ, જય કનૈયા લાલકી....
મા-બાળની સંગે રહો, જય કનૈયા લાલકી....
શ્રધ્ધામાં વાસ કરો, જય કનૈયા લાલકી....
ભક્તોને દર્શન આપો, જય કનૈયા લાલકી....

ૐ મા ૐ

## ધૂન

જય જય શ્રી કૃષ્ણ વહાલા, યશોદાનો લાલો.... જય જય શ્રી કૃષ્ણ
યશોદાનો લાલો વહાલા, ગોપીઓનો પ્યારો.... જય જય શ્રી કૃષ્ણ
ગોપીઓનો પ્યારો વહાલા, દ્વારિકાનો રાજા.... જય જય શ્રી કૃષ્ણ
દ્વારિકાનો રાજા વહાલા, મોરપીંછ ધારી.... જય જય શ્રી કૃષ્ણ
મોરપીંછ ધારી વહાલા, ભક્તોને ઉગારી.... જય જય શ્રી કૃષ્ણ
ભક્તોને ઉગારી વહાલા, શ્રધ્ધામાં પધારીયા.... જય જય શ્રી કૃષ્ણ
શ્રધ્ધામાં પધારીયા વહાલા, હિંચકે બિરાજીયા.... જય જય શ્રી કૃષ્ણ
હિંચકે બિરાજીયા વહાલા, પ્રેમરસ ઢોળે.... જય જય શ્રી કૃષ્ણ
પ્રેમરસ ઢોળે વહાલા, ભક્તો ઘેલા બને.... જય જય શ્રી કૃષ્ણ
ભક્તો ઘેલા બને વહાલા, રાજયોગી સંગે.... જય જય શ્રી કૃષ્ણ
રાજયોગી બોલો વહાલા, કૃષ્ણ કનૈયા.... જય જય શ્રી કૃષ્ણ

**પરમપુજ્ય રાજયોગી નરેન્દ્રજી**
**આશીર્વાદ....**

## મારા જીવનનાં નવ સૂત્રો

**(૧)** **ઈષ્ટમાં સમ્પૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.**
**(૨)** **નિ:સહાયને સહાય કરવી.**
**(૩)** **દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.**
**(૪)** **કોઈની ઈર્ષ્યા કરવી નહિ.**
**(૫)** **કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.**
**(૬)** **પરનિન્દાથી દૂર રહેવું.**
**(૭)** **પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.**
**(૮)** **નિ:સ્વાર્થ સેવા કરવી.**
**(૯)** **અહમનો ત્યાગ કરવો.**

**- રાજયોગી નરેન્દ્રજી**

૭૭, 'શ્રધ્ધા' , યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે, અંજલિ સિનેમા પાછળ,
વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.



Scanned by CamScanner

# ગુરુપુર્ણિમા

તારીખ ૩૦ જુલાઈ ૧૯૯૬, ગુરૂપૂર્ણિમાના પવિત્ર, પાવનકારી દિવસે પી. જી. મહેતા હોલ, પાલડી, અમદાવાદનું પ્રાંગણ માનવ મહેરામણથી નવપલ્લવિત થઈ ગયું હતું. આ પવિત્ર દિવસે ખોબલે ખોબલે પુણ્ય એકઠું કરવા અને દિવ્ય આંદોલનોને હૃદયમંદીરમાં ઝંકૃત કરવા માટે ભાવથી, ભીંજાતા ભક્તોનો પ્રવાહ અવિરતપણે વહ્યા કરતો હતો.

આ મહાનપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ, ૨૯મી તારીખ, સોમવારે ગુરૂપુજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ પૂજ્ય ગુરૂદેવના બીન આચ્છાદિત ચરણોની ભાવપૂર્વક પૂજા કરી, અડસઠ તીરથમાં સ્નાન કર્યાનો લ્હાવો માણ્યો હતો. સતત ત્રણ કલાક સુધી ભક્તોએ નાના નાના સમૂહમાં પાદપ્રક્ષાલન કરી પૂજ્યશ્રીની દિવ્ય ઉર્જાને પોતાની ઉર્જામાં પ્રવાહિત કરી ધન્યતા અનુભવી. ગુરૂપૂજન પછી પ્રસાદ આરોગી, એ ધન્ય પળોને વાગોળતા છુટાં પડ્યા.

ભક્તોની ભાવેનાને હૃદયમાં ભરીને પૂજ્યશ્રી શ્રધ્ધા નિવાસે પહોંચ્યા. સ્નાન, ભોજન અને નિત્ય કર્મથી પરવારી રાત્રે સવાનવ વાગે પૂજ્યશ્રી તેમના રૂમમાં પલંગમાં પગ લંબાવીને આરામથી બેઠા.

પરંતુ આ શું ! ભાવવિભોર બ્હેનજી બોલ્યાં, "માવડી આવી ગઈ" ! પૂજ્યશ્રીના બન્ને ચરણના તળિયામાં સંધ્યાની ગુલાબી લાલીમા પથરાઈ ગઈ હતી. ચરણ કંકુવાળા થઈ ગયાં હતાં. મંદારની મહેંકથી સમગ્ર વાતાવરણ મહેંકી રહ્યું હતું. સંધ્યાની લાલીમાં દૈવી ચિન્હો ૐ, 卐 વિગેરે અંકિત થયેલાં દેખાતા હતાં.

ગામ, પરગામ અને દેશ વિદેશથી નિર્ભેળ, ભાવ ભરીને ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ગુરૂદેવના દર્શન, પૂજન અને આશીષ મેળવવા પધારેલા ભક્તોને પણ માતાજીની આ દિવ્યપ્રસાદીના દર્શનનો લાભ મળે અને સર્વેભક્તોનો પ્રેમ અને ગુરૂપૂજનની નોંધ માતાજીએ લીધી છે અને આશીર્વાદ આપ્યા છે તેવો અહેસાસ થાય તે હેતુથી પૂજ્યશ્રીને પ્રાર્થના કરી આ દિવ્યતાને ફોટોગ્રાફી અને વીડીઓગ્રાફીમાં કંડારી લીધી.

ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂદેવના દર્શન કરવા માટે પોતાના પ્રેમપુષ્પો અર્પણ કરવા માટે શિસ્તબધ્ધ રીતે લાઈનમાં ઉભા રહી, મનમાં મંત્ર જાપ કરતા, ટેલીવીઝન પર પ્રસારીત થતી પૂજ્યશ્રીની વીડીયો કેસેટ જોતા ધન્યતા અનુભવતા હતા. સતત ચાર કલાક સુધી ફક્ત દર્શન અને ચરણવંદના કરતો ભક્તોનો પ્રેમપ્રવાહ અવિરત પણે ચાલ્યા કર્યો. પુષ્પોની ગેરહાજરી હોવા છતાં પણ મંદાર, મોગરોને સુખડની સુવાસનો પમરાટ સમગ્ર વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો. માતાજીની સૂક્ષ્મ હાજરીનો અહેસાસ સહુને થતો હતો. માતાજીને ભાવતાં ભોજનના પ્રસાદમાં પણ અનેરી મીઠાશ હતી. ભક્તોએ પ્રેમથી ખીચડી, કઢી, શાક અને મોહનથાળનો પ્રસાદ આરોગ્યો. આજે મેઘરાજાએ અમીછાંટણાં કરી વાતાવરણને આલ્હાદકતાથી ભરી દીધું હતું.

બપોરના અર્ધાકલાકના વિરામ બાદ ભક્તોએ પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી, જેનો મુખ્ય



Scanned by CamScanner

ધ્વની સુર હતો કે.....

(૧) અમને આપનાજ શરણમાં રાખજો.

(૨) અમે આપના સાચા શિષ્ય બનીએ અને આપના આદર્શોને જ જીવન મંત્ર બનાવીએ.

(૩) અમે આપના આદેશોનું અક્ષરશ: પાલન કરી માનવ બની, મહામાનવ બનવા પ્રયત્નશીલ રહીએ.

(૪) અમે મન, વચન, કર્મની પવિત્રતા કેળવીએ;

(૫) ષડ્‌રિપુનું નિયંત્રણ કરીએ.

(૬) નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત કરીએ.

(૭) માનવતા વ્રતનું આચરણ કરીએ.

પૂજ્ય ગુરૂદેવે માનવતાવ્રતના પાલન અંગેનું મૂલ્યાંકન કરીને એક વખત જમવામાં છૂટછાટ કરીને બે વખત ઘરનું જ બનાવેલું સાત્વિક ભોજન જમીને પણ માનવતાવ્રત દરેક ભાઈબહેનોને કરવા માટે આગ્રહ રાખ્યો હતો. વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના ઘડતર અને ચણતર માટે માનવતાવ્રતનાં આચરણની આવશ્યક્તા પર વિશેષ ભાર મૂક્યો હતો. ભક્તોની પ્રેમભરી પ્રાર્થનાને વશ થઈને પૂજ્ય ગુરૂદેવે તેમના કંકુવર્ણા ચરણના દર્શન સહુ ભક્તોને કરાવ્યા હતા. તેમજ વિડિયો દ્વારા ટી.વીમાં આ દ્દષ્યને પ્રસારિત કર્યું હતું.

સાંજે ૬-૩૦ વાગે મંત્રજાપ અને નિત્ય સ્મરણ કરી આનંદના ઉદધિમાં ભીંજાતા સહુ ભક્તો આવતા વર્ષની ગુરૂપુર્ણિમાને યાદ કરતા અલવિદા કરી છૂટા પડ્યાં.

ૐ મા ૐ

## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

**મુલાકાત સ્થળ** : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય** : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ**

પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી.

શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.



Scanned by CamScanner

# સહજ ઉપાસનાના ઉદ્દગાતા

પ્રો. શ્રી તપસ્વી નાન્દી.

**सन्तो भूमिं तपसा धारयन्ति**

સન્તો, મહાત્માઓ, યુગપુરુષો પોતાના તપથી, કાર્યયજ્ઞથી પૃથ્વીને ધારણ કરે છે. સંતોનું તપ એ જ શેષનાગ. સમગ્રસૃષ્ટિના આદિ, મધ્ય અને અંત એના આવિર્ભાવ, પોષણ અને લય સમગ્રના મૂળમાં છે. આ તપશ્ચરણ સંતોનો મહિમા વિચારવા, ગાવા, નિરૂપવા બેસીએ ત્યારે કેટકેટલી વિભૂતિઓ આપણા ચિદાકાશમાં ચમકી ઉઠે છે. આકાશના તારા ઓછા પડે ! આપણે જે જાણીએ છીએ અથવા જેને વિષે જાણવાનો ભ્રમ સેવીએ છીએ, તેટલા વિભૂતિ વિશેષો પણ અનેકની સંખ્યામાં ઊભરે છે. તો આપણી જાણ બહારના, જેમ અવકાશવિજ્ઞાનના જ્ઞાતાઓ કહે છે તેમ અનન્ત અવકાશમાં કેટકેટલા સૂર્યમંડળો, નિહારિકાઓ, વિસ્તરતી અનંતની ઝાંખી કરાવતી, મનુષ્યની વામણી કલ્પના શક્તિ અને બુધ્ધિને વધુ વામણી પુરવાર કરતી વિસ્તરી રહી છે.

તે રીતે અવતારી પુરુષવિશેષોની ભરમાર સૃષ્ટિના આદિકાળથી પરમતત્ત્વના સૃષ્ટિ સર્જન પાછળના આશયને પુષ્ટ કરવા, સ્પષ્ટ કરવા, સંવર્ધિત સંમાર્જિત કરવા, પરમતત્ત્વના વહાલા સર્જનને, દિવ્યત્વને ઓપ આપવા, એના તેજ, તત્ત્વ અને સત્ત્વની માવજત કરવા સમયે સમયે પરમતત્ત્વની જ ઈચ્છાનો આદર કરી પરમતત્ત્વની જ દિવ્ય રાસલીલાના ભાગરૂપે આપણી પૃથ્વી ઉપર દેહ ધારણ કરીને આપણી વચ્ચે રહે છે, અને આપણને સહુને એકસરખાં પ્રેમનાં પીયૂષ પાઈને, દિવ્યતા વિષેની આપણી અભીપ્સા કેળવીને, જીવનનો આશય સ્પષ્ટ કરી આપે છે દિવ્ય આશયની સિધ્ધિ એ જ એનું જીવન કાર્ય.

સૃષ્ટિની પહેલી સવારથી જ આરંભીને કેટકેટલી વિભૂતિઓએ અવતાર લીધો હશે ? આપણે કોને વિષે કેટલું જાણીએ છીએ? યોગેશ્વર શ્રીકૃષ્ણ, શ્રીરામ, ભગવાન બુધ્ધ, ભગવાન મહાવીર, પ્રભુપુત્ર ઈસુ, મહમ્મદ પયગંબર સાહેબ, ગ્રંથસાહેબના પ્રવર્તકો, ગુરુનાનક, ગુરુ ગોવિંદસિંહ અશો જરથુષ્ટ, ભારતના વિવિધ દર્શનના

પ્રવર્તકો **કેવલા દ્વૈતવાદી આદિ શંકરાચાર્ય**
**વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્ય**
**શુધ્ધાદ્વૈતવાદી વલ્લભાચાર્ય જેમણે 'પુષ્ટિ' પ્રવર્તાવી**
**દ્વૈતાદ્વૈતવાદી નિમ્બકાચાર્ય**
**દ્વૈતવાદી મધ્વાચાર્ય**

અને આ પ્રખર વેદાન્તીઓની શિષ્યપરંપરા, મંડનમિશ્ર, કુમારિલભટ્ટ, મીમાંસક, પ્રભાકર, ચિત્સુખ, મધુસુદન સરસ્વતી, ભામતીકાર અને બીજા વળી બીજા, વળી બીજા ..... મહાન બૌધ્ધ ભિખ્ખુઓ જિનો - **रागादिजेतार जिना** - રાગ વગેરે પર વિજય મેળવનાર જિનો, જૈનસંગો, શૈવ-પ્રત્યભિજ્ઞા દર્શનના મહાન આચાર્ય અભિનવગુપ્ત, - આતો ઈતિહાસનો વિષય બનેલા સિધ્ધપુરુષો થયા; પણ હમણાં આપણા જ જીવનકાળ અથવા તેની નજીકમાં જેમણે દેહ ધારીને પ્રભુનું કાર્ય કર્યું તેવા શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી વિવેકાનંદ, શ્રી રમણમહર્ષિ, પૂર્ણયોગી, શ્રી અરવિન્દ તથા મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અને



Scanned by CamScanner

દક્ષિણના અનેક નામી અનામી સંતો, વૃંદાવનવાસીઓ, હિમાલયના ગિરિ ગવ્હરોમાં વર્ષો સુધી ઉગ્ર તપસ્યા કરતા મહાત્માઓ, - કેટલા ગણાવી શું ? અન્ય ધર્મોના ઓલિયા, મૌલવીસાહેબો, સંતો અને ફાધરો આપણી જાણમાં પણ નથી તેવા કેટલાય ધર્મો, સંપ્રદાયોની વિભૂતિઓ, સ્વામી દયાનંદ, સ્વામી સહજાનંદ, સ્વામી અખણ્ડાનન્દ...... આકાશના તારા ઓછા પડે એટલી સંખ્યામાં સંતોએ સૃષ્ટિની નૌકા સંભાળી છે, અને મઝધારની પેલે પાર ઉતારવા પુરુષાર્થ કર્યો છે. આ સહુના પ્રયત્નોની સૂક્ષ્મતા તો કોણ પામી શકે ? સિવાય કે પરમતત્ત્વે જેને પસંદ કર્યા હોય ? કોની મજાલ છે કે એમનાં વિરલ કર્મનો આછો મહિમા પણ ગાઈ બતાવે ? અરે એ તો શક્તિ છે આદિકવિ વાલ્મીકિમાં જેણે શ્રીરામનો મહિમા ગાયો, કે સંત તુલસી, સૂરદાસ, મીરાં કે નરસિંહની શક્તિ છે જે પરમતત્ત્વના સ્વરૂપને પીછાણે અને નિરૂપે. કાલિદાસ જ્યારે રઘુવંશ વર્ણન હાથ ઉપર લે છે ત્યારે પોતાની જાતને, ઊંચે લટકતા ફળને તોડવા હવાતિયાં મારતા વહેંતિયા સાથે કે કાગળની નાવથી સાગર તરવાનો મનસૂબો ધરાવતા મૂર્ખ સાથે ગોઠવે છે. છેલ્લે સમાધાન એવું કરે છે કે જેમ વજ્રથી વીંધેલા (શારડીથી વીંધેલા) રત્નમાં દોરો પ્રવેશે તેમ પૂર્વસૂરિયોના પ્રયત્નોમાંથી પ્રેરણા લઈ પોતે રાઘવના મહિમા ગાવાનું કાર્ય હાથ ધરશે ! 'અલ્પ વિષયામતિ:' એવી પોતાની જાત અને સૂર્યમાંથી ઊતરી આવતા વંશ વચ્ચેનું હજારો પ્રકાશવર્ષ જેવું અપરિમેય અંતર જો કાલિદાસને - કાલિદાસ જેવા સમર્થ અને પ્રતિભાશાળી કવિને - જણાયું હોય તો.

**" क्व एव तपस्वी मध्यमः क्व च स**

**मयूरराज : राजाधिराजः श्री नरेन्द्रदेव ?"**

ક્યાં આ બિચારો તપસ્વી અને ક્યાં સો સૂર્યોને ઝાંખા પાડતા અવતાર ચૂડામણિ રાજયોગી નરેન્દ્રદેવ.

સૂર્ય સામે છે પછી પ્રકાશની ચિંતા શા માટે કરો છો ? આવા સ્પષ્ટ શબ્દોમાં પૂજ્યશ્રીએ આ ગ્રંથ રચવા પ્રેરણા, આશિર્વાદ અને આદેશ મને આપ્યો, પણ ચિત્ત ફરી વિચારે અટવાયું. ભવભૂતિ યાદ આવ્યા કે ગુરુ તો પ્રાજ્ઞ અને જડ બંને પ્રકારના શિષ્યોને એક સરખો પ્રેમ અને જ્ઞાન આપે છે. પણ **प्रभवति शुचिर्बिम्तोद् ग्राहे मणिर्नमृदांचयः** સૂર્યના તેજને ઝીલીને પ્રતિબિંબિત તો હીરો જ કરી શકે. માટીનું ઢેફું નહિં ! અને આ જીવ તો રહ્યો માટીનું ઢેફું ! પણ ના, **आज्ञा गुरुणां ह्वविचारणीया** । ગુરુજીની આજ્ઞા એટલે આજ્ઞા, તેમાં શંકા કરવાની હોય નહિં. એમણે જ જો પ્રવાહમાં ફંગોળ્યો છે તો એ જ તરતાં શીખવશે, તારશે પાર ઊતારશે... શ્રી સદ્‌ગુરુદેવ કી જય ! પારસમણિના સ્પર્શથી લોખંડ સુવર્ણ બનશે.

શ્રી સદ્‌ગુરૂના ચરિતના કેટલાય અંશો છે. તેમના દિવ્ય જન્મ, ઉછેર અને પૂર્વાશ્રમની વિગતોથી સહુ સુપરિચિત છે. આપણે ફક્ત તેમના કાર્યયજ્ઞ, તેમણે પ્રબોધેલી ઉપાસના પધ્ધતિ, તેમના સામાન્ય અદના સંસારીને અપાયેલાં સૂચનો જે તેમના નવ જીવનસૂત્રોમાં અંક્તિ થાય છે તથા જીવ! શિવ! પરમતત્ત્વ! આત્માની સંસારયાત્રા, કર્મ, કર્મવિપાક-અંગેની ફિલસૂફી અથવા તેમના દાર્શનિક વિચારો - પૂજ્યશ્રી એક દાર્શનિક તરીકે- આ પાસાનો યથાશક્તિ પરામર્શ કરીશું. એવું નથી કે પૂજ્યશ્રીના ગુણાનુરાગી, અધિકારી ભક્તો માટે આ બધું અજાણ રહસ્ય છે. પણ એ જ્ઞાની ભક્તો પણ શ્રી હરીના ગુણોનું પુન: પુન: શ્રવણ કરી આનંદિત થશે અને પરંપરાથી અમે પણ પૂજ્યશ્રીની યશોગાથા યત્કિંચિત્ પુણ્ય સંપાદીત કરીશું એવી ભાવના એ લેખન પાછળની છે.



Scanned by CamScanner

# "મસ્તી - યજ્ઞ"

તા. : ૧૪-૭-૯૬ રમેશભાઈ બારોટ

**સ્થળ :** સદ્‌વિચાર પરિવાર ઉદ્યાન, સેટેલાઈટ રોડ, અમદાવાદ.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ સ્વમુખે કહ્યું છે. "યદા યદા હિ ધર્મસ્ય....... સંભવામિ યુગે યુગે" " હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાની (હાનિ) અને અધર્મની વૃધ્ધિ થાય છે. ત્યારે ત્યારે હું સાકાર રૂપે લોકોની સમક્ષ પ્રગટ થાઉં છું. સાધુ-પુરૂષોનો ઉધ્ધાર કરવા અને પાપ કર્મ કરનારાઓનો યુગે યુગે પ્રગટ થતો રહું છું." (અધ્યાય-૪ શ્લોક ૭-૮)

પરમતત્વ અવનિ ઉપર અવતાર ધારણ કરતાં પહેલાંની પૂર્વ -ભૂમિકા તૈયાર કરવા પોતે આંશિક રીતે ફરિસ્તા, સંત કે પયંગબરના રૂપમાં પૃથ્વી ઉપર આવે છે. આપણા પ.પૂ સદ્‌ગુરૂદેવ પરમ શક્તિમા ગાયત્રીના વ્હાલસોયા બાળ, પૂ. રાજયોગી નરેન્દ્રજી, પૂ શાસ્ત્રીજી કે માતાજીના મયુરરાજ પણ પરમ તત્વના અંશરૂપે અવતરેલા છે. પરમ તત્વના અંશ હોવાને નાતે તેમનું સતત અનુસંધાન પરમશક્તિમા ગાયત્રી સાથે રહે છે. આવા ફરિસ્તાઓને જે હેતુથી પૃથ્વી પર મોકલવામાં આવ્યા હોય છે. તે હેતુ થી પરિપૂર્તિના માર્ગદર્શન માટે તથા તેમની સંભાળ લેવા પરમ તત્વ અવારનવાર પૃથ્વી પર આવે છે. પરમ તત્વને પોતાના આવા ફરિસ્તાઓને સાથે રાખીને વિચરવાનું પણ મન થતું હશે. પરમ શક્તિ મા ગાયત્રી પણ તેમના વ્હાલ સોયા બાળ રાજયોગીને સાથે લઈને પૃથ્વી ઉપરના સુંદર રળિયામણાં શાન્ત અને પ્રકૃતિ સભર સ્થળો ઉપર વિહરવાની ઈચ્છા વ્યક્ત કરતી હશે. પરંતુ આવા ફરિસ્તાઓ એકલ-પંડા નથી હોતા તેઓ તેમના સાનિધ્યમાં આવનારને સદાય આનંદની વહેંચણી કરતા હોય છે. આ કોઈ લૌકિક આનંદની વાત નથી. આતો અલૌકિક અને સ્વર્ગીય આનંદની વાત છે. અને આ ન્યાયેજ પૂ. ગુરૂદેવે પોતાના ભક્તોને સાથે રાખીનેજ વિહરવાનું નક્કી કર્યું હશે, અને આમ ભક્તોને સંગે જ્યાં પ્રકૃત્તિ મનમૂકીને પથરાઈ હોય તેવા શાન્ત, દિવ્ય અને રળિયામણા સ્થળે વિહરવાના પૂ.રાજયોગીજીના આયોજનનું નામાભિધાન થયું **"મસ્તી - યજ્ઞ".**

સદ્‌વિચાર પરિવાર ઉદ્યાન જેવા શાન્ત, રળિયામણા અને વનરાજીથી ભરપૂર સ્થળે તા.૧૪-૭-૯૬ નારોજ આવા એક મસ્તી-યજ્ઞનું આયોજન થયું. આ મસ્તી-યજ્ઞમાં સામેલ થવાનું પરમ સૌભાગ્ય મને પ્રાપ્ત થયું આ મસ્તી-યજ્ઞ માણ્યાં પછી ખરેખર ભાન થયું કે જીવનની સાચી મસ્તી શું છે? અને ક્યાં મળે? પ.પૂ. સદ્‌ગુરૂદેવની શીળી છાયામાં અને પરમ સુખદ સાનિધ્યમાં આખો દિવસ વિતાવ્યા પછી જે દિવ્ય સ્વરૂપને મનમૂકીને ખૂબજ નજીકથી માણવાની એક અણમોલ તક સાંપડી ત્યાં નહોતા નિલોષાના શાસ્ત્રીજી કે શ્રધ્ધા-કુટીરના રાજયોગી ત્યાં પૂ. ગુરૂદેવનાં રૂપમાં જાણે પરમ-તત્વજ વિલસી રહ્યું હતું. તે પરમ તત્વ કદીક બાળક, યુવાન તો કદીક ધીર-ગંભીર વડીલ બની જતું નિહાળ્યું, તે પરમ તત્વને દિવ્ય અધ્યાત્મ આનંદની મદહોશી હજુ પણ મન ઉપર છવાયેલી છે. અને સદા છવાએલી રહે તેવું ઈચ્છું છું.

મારા માટે આ મસ્તી-યજ્ઞ એક એવી અનોખી તીર્થ-યાત્રા બની ગયો કે જેમાં પ.પૂ. ગુરૂદેવના



Scanned by CamScanner

રૂપમાં ખુદ પરમ-તત્વનું સાનિધ્ય હોય. જીવનમાં ઘણું માણ્યું છે પણ આ મસ્તી-યજ્ઞતો દિવ્ય અને અલૌકિક આધ્યાત્મિક આનંદ માણ્યા પછી એ લૌકિક આનંદ ફીક્કો લાગે છે. અને કહેવાનું મન થાય છે.

**માણી છે મહેફીલો ઘણી પણ આવી મસ્તી ક્યાં હોય છે.**
**જે હોય છે તે પણ ખૂબ સસ્તી હોય છે.**
**દુનિયાની એ મહેફીલોમાં ભાન ભૂલી લોકોને ઝૂમતાં જોયાં છે.**
**અહીં ખૂદ પરમેશ્વરીને નિજ બાળ-સંગે રૂમ-ઝૂમતાં જોયાં છે.**

આવી આ અલૌકિક મહેફીલમાં (મસ્તી-યજ્ઞમાં) જે કંઈ જાણ્યું માણ્યું તેને કેવળ ગુરૂ-આશીષ થકી આપની સમક્ષ કાવ્ય પંક્તિઓ દ્વારા રજુ કરવાની કોશીશ કરું છું, જાણ્યું છે કે અમૃતની સ્વાદનું વર્ણન અમૃતનો સ્વાદ નથી આપી શકતું તેના માટે અમૃત ચાવવું પડે, પરમ શક્તિમાગાયત્રીના ચરણ-કમળોમાં નમ્ર નિવેદન કરું છું કે પ. પૂ. સદ્ગુરૂદેવના આવા પરમ સુખદ્ સાનિધ્યનું સદ્ભાગ્ય અન્ય ભક્તોને પણ પ્રાપ્ત થાય.

**ૐ મા ૐ**

## "મસ્તી-યજ્ઞ"

**તા.૧૪-૭-૯૬** રમેશ બારોટ

શોધવા શબ્દો મારે નથી તાકવું પડ્યું ગગનને,
સદ્ગુરુ આશિષથી શબ્દો સામેથી મળ્યા મુજ કલમને.
હતો દિવસ ધન્ય એ મુજ જિંદગીનો,
વાહ! શું લાધ્યો ખજાનો અણમોલ મસ્તીનો.
કેદ કરી હૈયે સંભારણું બીડી દીધાં મેં દ્વાર,
સ્મરણ એ ક્ષણોનું હર્ષથી ભીંજવે આંખો વારંવાર.

- પૂ. ગુરૂદેવનું આગમન -

પધાર્યા પ્રભુ સ્વયં હંકારી વાન, સદ્વિચાર પરિવાર ઉદ્યાન,
ધન્ય શું એ પળ હતી, આનંદ સરિતા વહી ખળખળ હતી.
પધરાવ્યા પાવન પાદ-પંકજ, ત્યાં ધરતી મહેંકી ઉઠી,
પોકાર છડીનો, ભાવના ભક્ત હૃદયની ગગન ગહેંકી ઉઠી.
મસ્તીભર્યા ડગ માંડતાં, પહોંચ્યા ઉપવન સ્થાનમાં,
રાજી થઈ વનરાજી, ઝુકી ગઈ રાજયોગીના માનમાં,
ઉચ્ચ આસનેથી મા-બાળની અમીનજર સઘળે ફરી,
બન્યા ધન્ય સૌ બાળકો વંદન વારંવાર કરી.



Scanned by CamScanner

**- મસ્તી-યજ્ઞની શરૂઆત -**

મંગલ પ્રાર્થનાથી મસ્તી-યજ્ઞની થાયે શુભ શરૂઆત,
મસ્તી રથમાં મુસાફરીની કલ્પના ત્યાં વળી લૂટાં-લટંની વાત.

અધિકારી કો પોલિસ જેવા, ધમકી ધરપકડની ઉચ્ચારી,
લૂંટારા, આ ગજબના, પકડાવાની સામેથી તૈયારી.

કોણ લૂંટારા, કોને લૂંટે, શેની લૂંટ, જાણી અધિકારી ખૂદ શરમાણા,
મતિ એમની એવી ફરી કે, લૂંટારૂ સંગ લૂંટમાં પોતે જોડાણા.

**- પૂ. ગુરૂદેવની પ્રશ્નાવલિ -**

કરી કસોટી રાજયોગીએ, બોલી મધુર સ્મિત ભર્યા બોલ,
પ્રગટ કરી પરિણામ બ્હેનજીએ ખુલ્લી પાડી સૌની પોલ.

**- અભિનયનો આદેશ -**

કલાધર ગજબના, મન મોહક દીસે પરિવેશ,
અર્પવા આનંદ સૌને, અદાકારીનો કર્યો આદેશ.

માન-મોભો કે સંસાર તણી આજ પરવા નથી લેશ,
નિજાનંદકાજે ભજવ્યા, ભક્તોએ ભાતભાતના વેશ.

શું બાળ, યુવા કે વૃધ્ધ, શું ગરીબ કે ધનવાન,
રમત રમાડી રાજયોગી, સૌને દેતા અધ્યાત્મ જ્ઞાન.

**- બપોરનો પ્રસાદ -**

કરવા તૃપ્ત બાળકોને, મા અન્નપૂર્ણા અધિરી મલકાયે મીઠું,
ગળ્યા-તીખા, ખારા-ખાટા સઘળા રસનું મિશ્રણ માના પ્રસાદમાં દીઠું.

શું સ્વાદ! ને સોડમ! એ પ્રસાદની હતી અનેરી,
અમૃતના ઓડકાર, કમાલ અભિમંત્રિત તુલસી પત્ર-કેરી.

**- બપોરનો વિરામ -**

માણતાં દિવ્યાનંદ, સૌ ભક્તો લેતા આરામ,
હતા સૌ અધિરા ક્યારે પૂરો થાયે વિરામ.

**- દીપ યજ્ઞ -**

યજ્ઞ-દીપોની હારમાળા એક સાથે, દિવ્ય દર્શનથી સૂરજદાદા હરખાયા,
છાંયો કરવા ભક્તો માથે, ઝટ-પટ વાદળ પાછળ સંતાયા.

ઉઠ્યો દિવ્ય ધ્વનિ 'ૐ મા ૐ' ગુંજી ઉઠ્યું વનરાવન,
સૂર-સ્વાહાના પુલકિત રોમ રોમ, જડ-ચેતન સઘળું પાવન.

મા-બાળ સંગે મીઠું મલકાય, દર્શન કાજ દેવો લલચાય,
ભક્ત હૈયે ભાવ અનેરો ઉભરાય, દિવ્ય પ્રેમે મા ખૂબ હરખાય.



Scanned by CamScanner

## - પ્રસાદ અંગે સૂચન -

રોકવા નાણાં વ્યયને સ્વાસ્થ્ય સુરક્ષા કાજ,
પ્રસાદમાં શું લાવવું સોનેરી સૂચન થયું આજ.
ચણા શેકેલા-મોળા, તલ સાંકળીને સુખડી ગોળની બનાવી જો ઘેર,
હેતે ધરાવે બાળ માતને, ભાવના ભૂખી સ્વિકારે હરખભેર.

## - ચા-પાણી -

અધ્યાત્મ આનંદ ઉપવને વળી પાછી વિરામ વેળા,
મસ્તી ચાલે હરખાતે મન થયા સૌ ચા-પાણી ભેળા.

## - પૂ. બ્હેનજીના ૬૧મા પ્રવેશ નિમિત્તે આનંદ-ઉત્સવ -

ઉદ્યાન-ભવન મહીં સુશોભિત ઓરડે સો પધાર્યા,
યૌવન ચાલે પ્રવેશ યોગીરાજનો સાથ સંત્રી-મંત્રીને ભાર્યા.

મન બ્હેનડીનું રાખવા ભાઈ 'બાપુ'નો વળી પલટાયો વેશ,
લીલાધરની લીલા નિરાળી સંસારીને સમજાયના લવલેશ.

વનકેસરી સમ મધ્ય આસને રાજયોગી અનેરા ઓપતા,
માનું તેજ મુખપર મયુરરાજ આજ કંઈ અનોખા શોભતા.

દ્વાર તોરણ, ધ્વજા પતાકા શું શોભા છે ઓરડાની ન્યારી,
પ્રવેશ બ્હેનજીનો ૬૧મા વર્ષમાં વધાવવા અધીરા સૌ નર-નારી.

પ્રગટાવી દિપક ભાઈ નરેન કરાવતા, બ્હેન કૈલાસનું મો મીઠું,
ભેટે બા-કુસુમ હેતથી, ભક્તોએ દર્શન અદ્‌ભૂત એ દીઠું.

કરજોડી મસ્તક નામી આશિષ યાચના શિષ્ય ભગિની કરે,
વરદ્ હસ્ત ઉઠે ગુરૂ-બંધુ તણો, મા તુજ સંગે સદા ફરે.

પરિવારને ભક્તજન દેતા વધાઈ વિધવિધ પ્રકારે,
અંતર પ્રેમ ઉંડો એમાં એનો ભણ્યોકે બ્હેનજી કેમ કરી નકારે.

સાચા હૃદયના ભાવને શું શબ્દોની વાચાને શું આકાર,
ભાવવિભોર ભક્તો આજ બ્હેનજીનો કરે જય જયકાર.

સખા-સેવક, ભક્ત-ભગિની, મા બાળનાં, રૂડો સ્નેહ નાતો,
લોકસેવામાં સાથકાજે સમર્પણ જીંદગીનું દિવ્ય તમારી વાતો.

શું ધરીએ ભેટ બ્હેનજી તમે . અવધૂત-આનંદ શીખરે,
અરજ મા ને એટલી ચિર આધ્યાત્મ યૌવન તમારું સદા નીખરે.



Scanned by CamScanner

સેવા-સમર્પણના ફુલ ફોરમથી જીવન છાબ રહે ભરેલી,
હેત ઝરતી નજર મા-બાળની સદા તમ પર રહે ઠરેલી.

અંતર ઉર્મિઓ ભક્ત હૃદયની વાણી બની ઉભરે,
ભાવથી ભીંજાયા બ્હેનજી સ્નેહ-સ્મિત અધર પર ઠરે.

- - - પૂર્ણાહૂતિ - - -

દર્શન-દિવ્ય અવસરનું આંખોમાં ભરી સૌ વિખરાયા,
સાનિધ્ય મનભરી માણ્યું સદ્ગુરૂનું ફરકી ન પાસ માયા.

માણી મજા મસ્તીની મા-બાળ રાજયોગી સદ્ગુરૂ સંગે,
ધન્ય બન્યા બાળ સૌ રંગાઈ અધ્યાત્મના દિવ્ય રંગે.

અહાહા! આનંદ-ઉદધિ કેવો અંતર ઉછાળા મારે,
નિજાનંદમાં ખોવાયેલો, બેખબર કેમ પહોંચ્યો નિજ દ્વારે.

ૐ મા ૐ    ૐ મા ૐ    ૐ મા ૐ

## ગુરૂપૂર્ણિમા - અમૃતવાણી

તા. ૩૦-૭-૯૬ મંગળવાર  **રાજયોગી નરેન્દ્રજી**

**" આવી ગુરૂપૂર્ણિમાં તમો બધાં હાજર, હાજરની હાજરી.**
**માત તણી પોથીમાં, માત યાદ કરે તમોને,**
**આ જીંદગી સફળ થઈ, ગુરૂપૂર્ણિમાના પર્વ પરે.**

ગાયત્રી માતાજીના વહાલા બાળકો,

તમો બધાને મેં માનવતા વ્રત કરવાનું જણાવેલ. માનું છું કે તમો બધા આ વ્રત કરતા હશો. માનવતા વ્રતની અંદર મનનો સંયમ, કર્ણનો સંયમ, નયનોનો સંયમ, વાણીનો સંયમ ને સદાચારને સદ્વર્તનથી પરમતત્વની પાસે પહોંચી શકાય. મારી જાણમાં આવ્યું છે કે ઘણાં ભક્તોને એક વખત જમવામાં તકલીફ પડે છે, ભૂખ્યા રહેવાતું નથી; તો માનવતાવ્રતના હેતુને સાકાર કરવા માટે તે દિવસે બે ટાઈમ શુધ્ધ, સાદો સાત્વિક, ઘરનો બનાવેલો ખોરાક ખાવાની છુટ આપવામાં આવે છે. જેથી લોકો જમવા માટે આ વ્રત કરતા ન હોયતો અત્રેથી પરત થઈને સંકલ્પ કરજો માનવતાવ્રતતણું.અનુભવશો આત્માનંદનો આનંદ.

મારા આપ સર્વેને આશીર્વાદ

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# શ્રી રામ

૧ **મંથરા થકી રામ પામ્યા વનવાસ,**
**લક્ષ્મણ થકી ઉર્મિલાને પતિનો વનવાસ,**
**વિધિની વક્રતા જુઓ, રાજકુમારો હાજર છે.**
**પાદુકા રાજ્ય કરે, સિંહાસનને વનવાસ.**

**વ્યાખ્યા :-** દાસી મંથરા દ્વારા માતા કૈકયીની કાનભંભેરણી થકી રામજીને પિતા દશરથનું વચન પાળવાનો સમય આવ્યો, વનમાં જવું પડ્યું ભાઈ લક્ષ્મણ રામજીની સાથે વનવાસમાં ગયા અને ઉર્મિલાને પતિનો વિરહ વેઠવો પડ્યો. વિધિનો તકાદો-ચુકાદો કેવો છે! કવિ કહે છે, રાજકુમારો (ભરત અને શત્રુઘ્ન) રાજધાની અયોધ્યામધ્યે હાજર હોવા છતાં રાજ્યસિંહાસન ઉપર રામજીની પાદુકાઓ મુકેલી છે, તેઓ સિંહાસન ઉપર બેઠા નથી અને..... અને સિહાંસનને વનવાસ ! " ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.....!"

રાજયોગીએ વનવાસ માત્ર ત્રણ જણાનો બતાવ્યો છે : રામજી, ઉર્મિલા અને સિંહાસન, તેમણે સહયાત્રીઓ લક્ષ્મણ અને સીતાજીનો વનવાસ દર્શાવ્યો નથી. આ વિશિષ્ઠ વાત છે. સીતાજીની સાથે રામજી છે, જીવની સાથે જ શિવ છે અથવા માયાની સાથે જ ઈશ્વર છે એટલે તેમને તો 'જંગલમાં પણ મંગલ' છે. લક્ષ્મણની સાથે પિતાતૃલ્ય જયેષ્ઠ બાંધવ છે, અવધપતિ છે, જેનામાં 'સ્વ'નું સર્વસ્વ વિલીન છે તે તો સાથે જ છે, એટલે કોઈ ખાલીપો નથી.

લક્ષ્મણ અને સીતાજીને લાગે-વળગે છે ત્યાં સુધી જીવનની આ સફર દરમ્યાન કરવા પડતાં સકળ નિર્ણયો રામને આધિન છે એટલે કાર્યભારણ સઘળું તેમના શિરે નથી, તેઓ હળવા ફુલ છે. રામજી ઉર્મિલા અને સુના સિંહાસનની હાલત એક સરખી છે. ત્રણેનું હૈયું કોઈ અગાધ ખાલીપો અનુભવે છે. રામજી પરમ વિસર્જિત છે, ઉર્મિલા લક્ષ્મણ દ્વારા રામજીમાં વિસર્જિત છે અને ખાલી સિંહાસન સીધું જ રામજીમાં વિસર્જિત છે. એટલે વિસર્જનની આખી પ્રક્રિયા આમ વનવાસનો અહેસાસ કરી રહી છે.

૨. **હું પૂછું છું રામને-**
**શાસનની ધુરા યાદ આવી સીતાત્યાગ પ્રસંગે ?**
**શાસનની ધુરા યાદ ન આવી વનવાસ તણા પ્રસંગે ?**
**રામ કહે છે-**
**દુનિયા તણાં સિક્કાની બે બાજુ**
**નજર-નજરમાં ભેદ છે.**
**દુનિયા તણાં કાયદાઓ, પોથીઓ**
**સિક્કા તણી બે બાજુ.**

**વ્યાખ્યા :-** રાજયોગી રામને પુછે છે કે, સીતાત્યાગ કરતી વખતે જે યાદ આવી એ શાસનની



Scanned by CamScanner

ધુરા વનવાસ જતી વખતે યાદ ન હોતી આવી ? કેમ રાજા રામે રાજાની હૈસિયતથી આદેશ કરીને સીતાત્યાગની દરખાસ્તોને ફગાવી ના દીધી?

રામ આ પ્રશ્નનો જવાબ વાળે છે કે, દુનિયાના સિક્કાને, ડહાપણને સમજણને બે બાજુઓ છે. દુનિયાની કાયદાપોથીઓમાં સિક્કાની બે બાજુઓની જેમ અર્થઘટન કરવાની પણ બે બાજુઓ છે- કઈ નજરથી નિરીક્ષણ કરવું તે મહત્વનું છે.

ન્યાયનું ત્રાજવું તો એક જ રહે છે. ત્રાજવું તો તટસ્થ છે. માલ અને બાટ બદલાતાં રહે છે. પ્રત્યેક પ્રસંગે ત્રાજવાને હર્ષ કે શોક નથી હોતાં. વનવાસ વખતે અને સીતાત્યાગ વખતે 'રામ'તો એક જ છે. વનવાસટાણે રામે સીતાને શિક્ષાની વહેંચણી નહોતી કરી, પણ સીતાએ શિક્ષા સ્વીકારી લીધી હતી, અર્ધાંગના હોવાના નાતે. વનવાસ જતી વખતે 'રામ' રાજા નહોતા, રાજકુંવર હતા. શિક્ષાનો ઢંઢેરો મહારાજ દશરથે ફરમાવેલો. ન્યાયતંત્રનું ત્રાજવું તો ગુનો અને શિક્ષાને સમતોલ કરી બતાવતું સાધનમાત્ર છે. સાધન, સાધક અને સાધ્યની ત્રિપુટીમાં ટકોરાબંધ શુધ્ધતા હોય ત્યારે જ ઐશ્વર્ય જન્મે છે.

**૩. તા. ૧૮-૮-૯૩ સવારે ૯-૩૦**

**રાજપાટ છોડી સ્વીકાર્યો વનવાસ**
**અરણ્યમાં શું મોહ કંચનની કંચુકીનો ?**
**શું રામને નહોતી ખબર કંચન તણા મૃગની?**
**શીખ આપી હોત સીતાને, સમજી જાત.**
**કરામત વિધિની, ભાગ્ય તણા ચક્રમાં ફરવું પડે,**
**સંસારના માનવીનું શું ગજું, કર્મની ગતિમાં ખોવાય!**

**વ્યાખ્યા :-** રાજપાટ છોડી દઈને વનવાસ સ્વીકારી લીધો હતો ત્યારે, રાજયોગીનો રામ પ્રત્યે પ્રશ્નાર્થ છે કે, વનમાં શું કંચનકંચુકીનો મોહ હતો ? રામને ખબર ન હતી કે સોનાનો જીવતો મૃગ કદી સંભવી ન શકે? સીતાને શિખામણ આપી હોત કે, આ ભ્રામક વાત છે, હઠ કરવી અયોગ્ય છે, તો તે સમજી જાત અને વાતનું વતેસર રામનું 'રામાયણ' ના સર્જાત. પણ ભાગ્યની કરામત એવી છે કે, તે બનીને રહે છે. રામ જેવાને પણ નસીબના આટાપાટામાં અટવાયા કરવું પડે તો સંસારના સામાન્ય માનવીની હૈસિયત કેટલી ? કર્મની ગતિ ન્યારી છે.

गहना कर्मणो गति :। કર્મની ગતિ ગહન છે, એ સત્યનો સ્વીકાર આ પ્રસંગે સુંદર રીતે યોજાયો છે. પરમાત્મા સ્વયમ્ પણ જો માનવી બનીને ધરતી પર વસે, તો તે જેવું કર્મ કરે તેવું ફળ પણ તેમને મળે. કર્મનું ફળ તેમને સ્વાધીન નથી રહેતું, કર્મફળ અવશ્ય ભોગવવું પડે છે.

સીતાજીને કાંચનમૃગને મેળવવાનો મોહ થયો. અંદરના છ શત્રુઓ પૈકીનો એક-મોહ-તેમનામાં જગૃત થયો. આ શત્રુઓ વેરની વસુલાત જો સીતાજી કે રામજી પાસેથી કરતાં પણ ખચકાતા નથી તો સામાન્ય માનવીનું શું ગજું !



Scanned by CamScanner

"આ છ શત્રુઓ અમારા ભીતરમાંથી હવે વેળાસર વિદાય લે અને અમને બે છૂટાં શ્વાસ લેવા મળે તેવી રામબાણ દવા હે રામ ! અમને આપશો ? હવે તો ઘણું જ મોડું થઈ ગયું છે."

**૪. તા ૧૮-૮-૯૩ રાત્રે ૧૦ વાગે.**

**મહાવિદ્વાન, મહા - રાજનીતિજ્ઞ, આરાધક રાવણ**
**અહમ્‌ના આવરણથી ખુદ પામ્યો વિનાશ,**
**આજના રાજનીતિજ્ઞો શું રાવણને અનુસરશે ?**

**વ્યાખ્યા :-** મહાન પંડિત, મહાન રાજપુરુષ અને ઈશ્વરભક્તિનો પ્રખર આરાધક એવો રાવણ અહંકાર-અભિમાનના આવરણ-દુર્ગુણને લીધે વિનાશ પામ્યો. આજના રાજપુરુષો પણ શું રાવણને જ અનુસરશે ?

અહમ્ (Ego )નું પ્રત્યેકમાં હોવું તે આવશ્યક છે. પ્રત્યેકમાં તે હોય છે જ. કોઈક સ્વરૂપે ક્રાંતિ-ઊત્ક્રાંતિના પ્રેરક પરિબળ તરીકે પણ અહમ્‌નો ફાળો જિંદગીમાં મહત્વપૂર્ણ છે. અહમનો સદંતર અભાવ એટલે ગતિપ્રગતિની યાત્રા પર પૂર્ણવિરામ. વિવિધ જિજ્ઞાસાવૃતિઓનું ઉદ્‌ભવવું અહમ્‌માંથી સરળતાપૂર્વક શક્ય બને છે. જ્ઞાન હોય, વિજ્ઞાન હોય કે તત્ત્વજ્ઞાન હોય, જ્ઞાનની કોઈપણ દિશામાં અહમ્ પ્રેરકબળ બનીને શોધ-પ્રતિશોધની યાત્રાએ મનુષ્યને લઈ જાય છે, અને જગતને ઉપકરણોની અણમોલ ભેટો દિન-પ્રતિદિન આપ્યા કરે છે, કર્તાને પોતાની કૃતિ પ્રત્યેની સ્પષ્ટ સભાનતા - આ મારી શોધ, આ મેં કર્યું - તેમ હોવું તે અયોગ્ય નથી. પરંતુ, તેનું કેવળ માલિકીપણું, તેનાં ઉપભોગ-ઉપયોગનું નિયંત્રણ પોતાના જ હાથમાં હોવું તે અતિરેક છે, અહંકાર છે, અભિમાન છે, સત્તા મારી, સંપત્તિ મારી ને સંસ્કૃતિ મારી આ ત્રિપુટી, અસ્તિત્ત્વનું આવું સંપૂર્ણ સ્વકેન્દ્રી વિઘાતક નીવડે છે. એ જ રાવણ છે. એ જ વિનાશ છે.

રામ એટલે સંપૂર્ણ વિકેન્દ્રીકરણ. સદાવિજયી રામ સંપૂર્ણ Dynamic Personality છે, રાવણ સંપૂર્ણ Static Personality છે. પરિવર્તન જગતનો નિયમ છે. રામ એટલે તો સદાવિજયી છે. રાવણ સદા ય હારેલો યોધ્ધો છે. જિંદગીમાં જેટલી ય ક્ષણો મળી તે સર્વનો જેવો ને તેવો સ્વીકાર, વિસર્જનભાવે સ્વીકાર એટલે રામ. રાવણ કદી ય વિસર્જિત ના થઈ શક્યો. કદી ય જિન્દગીનો આભાર-સ્વીકાર ના કરી શક્યો, એટલે કાળચક્રમાં અટવાઈ પડયો. જ્ઞાન ઘોર અજ્ઞાનમાં પરિણમ્યું. રામરૂપે પરમસત્ય તો સત્ય જ રહ્યું.

**૫. તા ૨૦-૮-૯૩ સવારે ૩ વાગે.**

**નિઃસ્વાર્થ પ્રેમ અને સેવાના પ્રતિબિંબને નિહાળીને,**
**પ્રવેશ અર્પ્યો શ્રીરામે એંઠા બોરને મુખ મહીં,**
**બુધ્ધિના જ્ઞાન તણો લક્ષ્મણ,**
**સ્ફટિક જેવા સત્યને ન સમજી શક્યો,**
**શ્રીરામે ખુદ આપેલ બોર,**



Scanned by CamScanner

રાજ તણા આવરણથી, હડસેલી દીધાં,
દિવસો ફરતા ફરે, કાળક્રમ ચાલ્યા કરે,
લક્ષ્મણમૂર્છાવેળાએ,
હડસાયેલાં બોરની વનસ્પતિ થકી,
લક્ષ્મણ હોશમાં દાખલ થયા,
જગત તણા વ્યવહારોમાં,
ઉપેક્ષા 'જડ ચેતન' ની ન થાય.

**વ્યાખ્યા :-** આંખ પર હાથની છાજલી મુકીને પોતાની ઝૂંપડીએ રામના આવવાની નિશ-દિન વાટ જોતી શબરીના અજીઠાં ચાખેલાં બોરમાં 'મારા રામને કોઈ ખાટું બોર ન પીરસાઈ જાય' તેવા તેના પ્રેમને, સેવાના શુધ્ધભાવને રામ ઓળખી ગયા ને બોર આસ્વાદ્યાં. પાસે બેઠેલા રાજવી ભાઈ બુધ્ધિવાદી, જ્ઞાનભારી લક્ષ્મણના મને તેનો અસ્વીકાર કર્યો, બોર સાથે લંબાયેલ રામના હાથને પણ તેણે ધીરે રહીને વિવેક રાખી હડસેલ્યો-અવહેલના-અવગણના થઈ કવિ કહે છે, કાળચક્ર આગળ ચાલ્યું... રામ રાવણ યુધ્ધમાં મેઘનાદના બાણથી મૂર્છિત થયેલા લક્ષ્મણને એ જ બોરની કોઈ વનસ્પતિ મૂર્છામાંથી જગૃતિમાં લાવવા માટે કારગત-કામિયાબ નીવડી.

લક્ષ્મણ ચૂકી ગયા કે જગતના વ્યવહારોમાં જડ-ચેતન કોઈની પણ ઉપેક્ષા કરવી યોગ્ય નથી, તેમાં વ્યવહારદક્ષતા નથી. પ્રેમને કારણો સાથે કોઈ સંબંધ નથી. શબરીનો રામ ઉપર અને રામનો શબરી ઉપરનો પ્રેમ અકારણ, નિર્વ્યાજ છે, ભેળસેળ નથી-પરસ્પર છે. માનવીના મનમાં વસેલા ભાવજગતને મનુષ્યે લાદેલી શિસ્ત-નિયમ અને શિષ્ટાચારના ત્રાજવે તોળી ન શકાય, તે હંમેશા ખોટું જ વજન બતાવે. ભાવ સ્ફટિક જેવો શુધ્ધ છે. ભાવને અશુધ્ધિ પાલવે જ નહિં. ભાવમાં અશુધ્ધિ ભળે તો તે નીતિ બની જાય છે, સંસાર બની જાય છે, તે બંધન છે. ગીતાનો બંધનમુક્તિનો ભાવ આ પંક્તિઓમાં સહજરીતે નિદર્શિત છે. યાદ રહે, શબરી રામમાં વિસર્જિત છે.

૬. તા ૨૧-૮-૯૩ રાત્રિના ૨-૧૫ વાગે

આ કિનારે શ્રીરામ, સામા કિનારે પુત્રો,
ઓળખ માગી, પ્રમાણપત્ર પુત્રો પાસ,
શું ઉધઈ રાજ તણી ગુપ્તચરસંસ્થાને !
ઓળખી ન શક્યા રવિ તણો પ્રકાશ,
દૂર રહ્યા હોત અવળી પ્રક્રિયાથી,
ધરતી તણી સફરે સીતામાત ન જાત,
શીખ એટલી બંધુઓને,
પહેલી બુધ્ધિ, બીજો નિર્ણય.

**વ્યાખ્યા :-** રાજયોગી પ્રતિપાદન કરે છે કે, હરકોઈ નિર્ણય લેતાં પહેલાં બુધ્ધિની ગળણીનો



Scanned by CamScanner

અવશ્ય ઉપયોગ થાય તે હિતાવહ છે, ઇચ્છનીય છે. માનવીનું પ્રવાહીપણું જીવન છે. ઘન જિન્દગી મૃત્યુ છે. પ્રવાહીપણામાં જ માનવીનું અસ્તિત્વ સમાયેલું છે. તેનું બાહ્યસ્વરૂપ એટલે સંતત્વ. જીવનપ્રવાહીમાં ઘન ટુકડો ગેરસમજ બનીને, અંધાપો બનીને, કુર્માગ બનીને ઘણી ય વાર અથડાયા જ કરે છે. એટલે તેને બુધ્ધિની ગળણીમાં ગાળવા જ રહ્યા. નહિંતર સરળતાપૂર્વક ગળે ઉતારવાનું કઠિન બને છે-શ્વાસ રૂંધે છે.

અશ્વમેધયજ્ઞનો ઘોડો લવ-કુશે બાંધ્યો, યુધ્ધનું આવાહ્‌ન થયું, શ્રીરામને રણે ચડવું પડ્યું અદીઠ પુત્રો સાથે. રામ અજાણ છે. 'શું ઉધઈ રાજગુપ્તચર-સંસ્થાને ! ઓળખી ન શક્યા રવિ તણો પ્રકાશ...' ગુપ્તચરો યશસ્વી કામગીરી બજાવી ના શક્યા એટલે એક કિનારે રહેલા પુત્રોને, રવિ - રામ -પ્રકાશ અંધકાર જ રહ્યો; સામે કિનારે રહેલા પ્રકાશ સ્વયંને પણ ! કેવળ અન્ય માનવીઓ તરીકે જ પુત્રોને જોયા, યુધ્ધ આવાહ્‌કોને જ જોયા. સીતાજીને ધરતીમાં સમાઈ જવા સિવાઈ કોઈ વિકલ્પ રહ્યો નહિ.

પ્રકૃતિ કાળપુરુષમાં વિલીન થઈ ગઈ.

**૭. તા ૨૫-૮-૯૩ રાત્રે ૧૦-૪૫ વાગે.**

**રાજ્ય છોડી નીકળ્યા શ્રીરામ, સીતાના સંગમાં,**
**આદેશ કશો આપી ન શક્યા સીતાને.**
**લક્ષ્મણ બંધુ સાથમાં સેવા થકી,**
**હું પુછું છું, શું કરવા ઉર્મિલાને અન્યાય ?**

**વ્યાખ્યા :-** શ્રીરામ પિતાનું વચન પાળવા માટે સીતાના સંગમાં રાજ્ય છોડી વનવાસમાં જવા નિકળ્યા. સીતાની સાથે કોઈ પણ જાતનો વિચાર વિમર્શ થઈ ના શક્યો. ભાઈ લક્ષ્મણ પણ રામની સેવાકાજે સંગાથે રહ્યા. કવિ કહે તો ઉર્મિલાને અન્યાય કેમ?

સીતા અને ઉર્મિલાના પાત્રો વચ્ચે સતત સ્પર્ધા જગતની આંખે દેખાઈ રહી છે. કે મુઠ્ઠીઊંચેરું કોણ ? આવી સ્પર્ધા બન્ને ભાઈઓની અનિર્ણાયકતાને લીધે? ઉપેક્ષાને લીધે? સમયના અભાવને લીધે કે રાજવી પણું માત્ર બુધ્ધિ અને સમજ શક્તિનો ઈજારો લઈને ફરે છે તેવા ભ્રામક ખ્યાલને લીધે ઉદ્‌ભવવા પામી હતી? રામયણકારે સીધો ઉત્તર નથી આપ્યો પરંતુ રામ લક્ષ્મણના પાત્રોને આદર્શશિખરોના સ્વામીઓ તરીકે તો પ્રસ્થાપ્યા જ છે. એટલે રાજકુમારો તરીકે - રાજકારણીઓ તરીકે સમાજના આવશ્યક અંગો તરીકે પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી પૂરતા પ્રમાણમાં ઉપસી શક્યા નથી એ નિર્વિવાદ છે. જગતનો સમાજ પુરૂષપ્રધાન છે, આ હકીકત પરાપૂર્વથી ચાલી આવી છે. વિજ્ઞાનની ક્ષિતિજો જેમ-જેમ વિસ્તરતી ગઈ છે તેમ-તેમ સ્ત્રી પુરૂષમોવડી બનતી ગઈ છે, માનવહક્કોને પામતી ગઈ છે.

રામ રાજા તરીકે, પુત્ર તરીકે, પતિ તરીકે અને પિતા તરીકે સમાજના આદર્શોના ચોકઠામાં ક્ષેમકુશળ છે. મર્યાદા પુરુષોત્તમ છે. લક્ષ્મણ રામના પગલામાં પગલાં મુકીને પાછળ પાછળ ચાલનાર અસ્તિત્વ છે. રામને જો સીતાની અગ્નિ પરીક્ષા કરતાં ય ધોબીની વાણી-લોકાપવાદ વધુ બુલંદ લાગ્યો હોયતો ઉર્મિલાને લક્ષ્મણ પાસેથી તો કઈ ઉજળી તકોની અપેક્ષા હોઈ શકે? રાજયોગીએ ઉર્મિલાઓનું

નેતૃત્વ લઈને આમ સમાજઋણ અદા કરવા આદર્યું છે, તે આવકાર્ય છે, તેનું સદા સ્વાગત છે.

**૮. મૂકી ફરતી લક્ષ્મણરેખા રક્ષણ કાજે**
**આપ્યો ખ્યાલ સીતામાતાને હદ કાજે**
**દોટ મૂકી લક્ષ્મણે બંધુ તણા સ્નેહ કાજે,**
**અરણ્યમાં હતો રાજવૈભવ, ધર્મકાજે?**

**વ્યાખ્યા :-** સીતાજીની ઈચ્છાને સંતોષવા રામ-લક્ષ્મણ સુવર્ણ મૃગ ( રાક્ષસી માયા) ને પકડવા દોડે છે. લક્ષ્મણ કૂટિરની આસપાસ જમીન ઉપર રેખા ( લીટી) દોરતો જાય છે. નિબીડ અરણ્યમાં રાક્ષસી-માયાવી તત્વો અનેક છે, અને તે કંઈ અનિષ્ટ ઉપસ્થિત ના કરે તે માટે સારો ય રાજવૈભવ વનમાં ધર્મ રક્ષા માટે જાણે કે ઉતરી આવ્યો હતો.

લાલચરૂપી મેનકાએ સીતાજીરૂપી વિશ્વામિત્ર સમક્ષ નૃત્ય કરવા માડ્યું ત્યારે સ્વયં મહાવસંત સમક્ષ વનમાં વસંતને પણ નૃત્ય કરવું પડ્યું-સાથ દેવોજ પડ્યો. મૃગ કદી સુવર્ણનું હોતું નથી. મહામાયાને સાથ દેવા પરમાત્માને પણ ધનુષ્ય ધારણ કરવું પડ્યું. લક્ષ્મણરેખા પણ ઓળંગાઈ ગઈ. લંકાપતિ રાવણ ફાવી ગયો. રાજવૈભવી સમ્રાટો રામ-લક્ષ્મણ યુધ્ધ સમ્રાટોમાં તરતજ પરિવર્તિત થઈ ગયા... અને ધર્મની રક્ષા કાજે ભાથામાં રહેલાં બાણો સળવળી ઉઠ્યાં, સમસમી ઉઠ્યાં-

સંભવામિ યુગે યુગે .....સરકી ગયાં....

**૯ પામી ગયાં લવકુશને, હનુમાનજી બુધ્ધિ થકી,**
**જાણ ન કરી રામને,**
**આ સૂર્યવંશી અંશને,**
**અણસાર હોત શ્રી રામને,**
**ચિત્ર બીજુ હોત કંઈક.**
**અંશ હતો શ્રી રામ તણો,**
**દિગ્વિજય અશ્વમેઘ યજ્ઞ તણો.**

**વ્યાખ્યા :-** લવ-કુશે શ્રી રામના અશ્વમેઘનો ઘોડો અટકાવ્યો-બાંધ્યો. યુધ્ધનો ટંકાર થયો. શ્રી રામને યુધ્ધ આવકારવું પડ્યું. હનુમાનજી હાજર હતાં. લવકુશ રઘુવંશી હતાં. સૂર્યવંશી અંશો હતાં. પિતા-પુત્રો આમને-સામને હતાં. હનુમાનજીને પણ જાણ હતી છતાં શ્રી રામને અણસાર ના આપ્યો. જો તેમ કર્યું હોત તો આ પ્રસંગનું ચિત્ર પલટાઈ જાત. ' શ્રી રામ તણો દિગ્વિજય અશ્વમેઘ તણો' રાજયોગી આમ આલેખે છે.

આ અલૌકિક ઘટના છે પુર્ણતત્વ પોતાના જ અંશો સાથે આનંદ યુધ્ધ ખેલે છે. જાણે કે, ' બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે'. અહીં અશ્વમેઘ પરિપૂર્ણ જ થાય. હનુમાનજી પરમજ્ઞાની છે. આવા આનંદનો લ્હાવો તેમને માણવો હતો એટલે તો ' मौनं व्याख्यानं ' નો ન્યાય ધારણ કરી કેવળ પરમ આનંદમાં પરિતૃપ્તિ



Scanned by CamScanner

પામ્યા. તેજમાં તેજનું સમાપ્ત થવું તે ઘટના પરમઆહ્‌લાદક છે.

**૧૦. તા. ૨૮-૮-૯૩ સવારે ૧૦-૧૫ વાગ્યે.**

**સૂર્યવંશી હતા પરાક્રમી બાહુબળથી,**
**શિવ તણા ધનુષ્યને શ્રીરામે નાથ્યું,**
**આજ છે કોઈ સૂર્યવંશી પરાક્રમી,**
**જેની ગાથા ઘેર-ઘેર ગવાય ?**

**વ્યાખ્યા :-** કવિ હૃદય શોધે છે : આંજે એવાકોઈ પરાક્રમી છે કે જેની યશોગાથા ઘેર-ઘેર ગવાયા કરતી હોય ? રામ સૂર્યકુળમાં જન્મ્યા હતા. તેમના મનોબળ, બાહુબળ અને હૃદયબળનો કોઈ જોટો ન હતો. હજુ ટંકાર તો શિવધનુષ્યનો કરવો ઘણો જ દુર હતો તે પહેલાં જ ઉંચકાતાવેંત જ શરત રૂપે મુકેલા એ ધનુષ્યના  ટુકડે-ટુકડા થયા અને સીતાજીએ ખુલ્લે આમ સ્વયંવરમાં રાવણસહિતની સભામાં શ્રીકંઠમાં વરમાળા અર્પી દીધી, તે જ શ્રીરામ.

મહત્વકાંક્ષી હોવું નિરર્થક નથી પરંતુ મહત્વકાંક્ષાનું પરાકાષ્ટાએ પહોંચવું, અસીમિત થવું એટલે સિકન્દર, નેપોલિયન, હિટલર કે સ્તેલીનનું ઉદ્‌ભવવું, પછીથી પાછા વળી શકાતું નથી. જગતઈતિહાસના પાનાં તેની અપયશગાથાથી ઈતિશ્રી: કરે છે. રામ સમ્રાટ હતા, જગતવિજેતા હતાં અને છતાં ય યશગાથા ગવાઈ ગઈ, હજુ ગવાય છે અને ગવાશે પણ! રામ મહત્વકાંક્ષી ન હતા. સ્વ-અર્થી ન હતા. જિન્દગીના શિર પર તેમને પોતાના પગની એડી મૂકવી ન હતી. તેમને તો માત્ર રક્ષણ કરવું હતું, માનવમુલ્યોનું, માનવતાનું, માનવી-માનવીના મન મેળ બેસાડવા હતા.કહીએ કે ધર્મની રક્ષા કરવી હતી.રામ કાળપુરૂષ હતાં, એટલો હારજીતની કોઈ બાજુમાં મહત્વકાંક્ષાનું જીવંત સોગઠું પ્રવેશ કરે તે શક્ય ન હતું. જગતને પોતાના આનંદ માટે તેમણે ઉત્પન્ન કર્યું હતું. જગત પાસેથી તેમને કાંઈ મેળવવું ન હતું, જેટલો કર્તા સ્વચ્છ તેટલી તેમની કૃતિ સ્વચ્છ. જગતમાં તલખણા જેટલી ય અસ્વચ્છતા સ્વીકારવા રામનું મન ક્યારેય 'હા' ભણી શકે તેમ ન હતું.

**ઉપસંહાર :- આ છે શ્રીરામ, આ છે રામાયણસાર - શ્રી રાજયોગીની નજરે.....**

સિધ્ધાંતને જીવનાર શ્રીરામને પણ રાજયોગી પાંજરામાં ઊભા રાખે છે. માનવજીવન ચોક્કસપણે કુદરતના સિધ્ધાંતો પર ઊભેલું છે, નિર્ભર છે. છતાં ય સમાજ અને દેશકાળ અનુસાર માનવમૂલ્યોને કેન્દ્રવર્તી રાખીને સિધ્ધાંતોનું વ્યવહારૂ અર્થઘટન શોભાસ્પદ છે. તેમના જીવનનું માનવી સરળતાથી અનુકરણ કરી શકે, જીવન પ્રગતિશીલ અને સુખી બનાવી શકે, તેવા પ્રશ્નો વારંવાર શ્રીરામને પૂછીને આધ્યાત્મિક આકાશે  ક્રાંતિસર્જક તરીકે શ્રીરાજયોગી ટમટમતાં રહે છે.

**( પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી રચિત કાવ્ય પંક્તિઓનું શ્રી સતીષભાઈએ કરેલું વિવરણ )**



Scanned by CamScanner

# 'સ્વજન'

"સ્વજનો સ્વજન સ્વર્ગ
સ્વજનો જન જનાજો"

**પૂ. રાજયોગી નરેન્દ્રજી**

ઉપરોક્ત પંક્તિઓ પૂજ્ય રાજયોગીએ તા ૨૭-૨-૯૬ ના રોજ તેમની આગવી મૌલિક ભાષામાં રજૂ કરી હતી. આ પંક્તિઓ કુટુંબ અને સમાજ જીવન માટે ઘણું બધું કહી જાય છે. શ્રી સતીશભાઈ પૂજ્યશ્રીની આ પંક્તિઓનું તેમની આગવી શૈલીમાં નીચે પ્રમાણે વિસ્તરણ કરે છે.

સ્વ-સ્વજન-સ્તત્વ-પોતિકાં-મારાં-આપણાં. છે શબ્દ મઝાનો પરંતુ લોભામણો છે. **'સ્વ'** નું કૂળ-મૂળ સંસ્કૃત છે. જ્યારે પણ તે કશાયની સાથે યુક્ત થાય, જોડાય અથવાતો કશાથી વિમુખ થાય, વિપરીત થાય, વિખુટો પડે ત્યારે મહત્વપૂર્ણ પરિણામ વાચક બને છે અને વિશિષ્ટ ઘટનાઓનું સર્જન કરે છે.

**જેમ કે અન્નમાં મીઠાની હાજરી**

પ્રમાણસરની મીઠાની હાજરી અન્નને સ્વાદિષ્ટ બનાવે છે મીઠાની ગેરહાજરી અન્નને સ્વાદહીન બનાવે છે. વધુ પડતી મીઠાની હાજરી અન્નને ખારૂં-અકારૂં બનાવેછે.

**'જન'** શબ્દ સાથે **'સ્વ'** નું યુક્ત (જોડાવું) થવું કે તેનાથી દૂર જવું સંસારી જગતમાં આશ્ચર્ય જ આશ્ચર્ય સર્જે છે. **'જન'** થી જ્યારે પણ **'સ્વ'** છૂટો પડે છે ત્યારે તે **'સ્વ'** સંસ્કૃત મટીને વિકૃત બને છે. સ્વજનો સ્વત્વ ખોઈ બેસે ત્યારે જન રહી જાય છે. બિચારો બનીને, અટૂલો, એકલો, નિરાધાર, હૂંફવિહિન, માનવતારહિત.

જગતે અત્યાર સુધી સ્વત્વને પ્રાપ્ત કરવા **'જન'** ને સ્વજનતાની સોડમાં લેવા ઘણાં ફાંફાં માર્યાં છે. પરંતુ સ્વજનો સ્વજનમાં પરિવર્તીત થયા તેની ટકાવારી ધણી જૂજ હાથ લાગી છે. સ્વજનો છે પરંતુ સ્વજન નથી. સ્વજનતા આભાસરૂપે જ રહી છે. સ્વજનો કહીને માણસે સ્વજનતાની ભ્રામકતામાં જીવવું ચાલુ રાખ્યું છે. સ્વજનતા એ તો ગુમાવવું પડે. 'સ્વ' ને 'અહમ' ને છોડવું પડે, ત્યાગીને ભોગવવું પડે.

ધૃતરાષ્ટ્રે 'મામકા:' કહીને સ્વજનોની વહારે ચઢયા ત્યારે સ્વજનતા માયાની જેમજ આકાશે ઉડી ગઈ અને કહેતી ગઈ કે "તારો કાળતો ગોકુળમાં જન્મી ચૂક્યો છે" અને કંસના હાથની તલવાર તેના હાથમાં જ રહી ગઈ, ઠૂંઠી બની ગઈ. સ્વજનો જ્યારે સ્વજન મટીને, જન બને, સ્વજનો બનવાનો દાવો પોકારે ત્યારે મહદ્ અંશે કુરૂક્ષેત્ર જનાજાની જ ઝાંખી થઈ જાય છે. સ્વજનો મટીને વ્યક્તિ જ્યારે સ્વજન બને ત્યારે પૃથ્વી પર સ્વર્ગ રચાઈ જાય તે આશ્ચર્ય નથી. કુરૂક્ષેત્રમાં ફક્ત એકલા કૃષ્ણ જ સૌના સ્વજન હતા.

"સ્વજનો જ્યારે સ્વજન મટીને, જન બને, સ્વજનો બનવાનો દાવો પોકારે ત્યારે મહદ્ અંશે કુરૂક્ષેત્ર-જનાજાની જ ઝાંખી થઈ જાય છે. સ્વજનો મટીને વ્યક્તિ જ્યારે સ્વજન બને ત્યારે પૃથ્વી પર સ્વર્ગ રચાઈ જાય તે આશ્ચર્ય નથી."



Scanned by CamScanner

સ્વજનનો સ્નેહ સાથે લગાવ છે. સ્વજન એકવચની વ્યાકરણ જ સ્વીકારી શકે, તે બહુવચની ના થઈ શકે. તે જો બહુવચની બનેતો બહુરૂપા બને મહામાયી બને , જન, ટોળું બને, ટોળાંની લાગણી વૈયક્તિક નથી.

"સ્વજનો સ્વજન તો સ્વર્ગ
સ્વજનો જન તો જનાજો"

## વસંતોત્સવ

શું બોલવું ? શું કહેવું ?
રંગોની પીચકારીઓને
મારૂં દિલ સદા પૂરબહાર
તમારા સ્નેહથી ભીંજાયેલ
મારા અલૌકિક પ્રેમની પીચકારી
તમારા હૃદયને રંગી રહી,
બેસો બધાં પ્રેમથી
હમણાં પરસેવો વળી જાશે.
બુંદ એના એ રંગ બની જાશે.
આ તરફની વહેતી હવા સ્પર્શી જાશે.
બુંદના છીદ્રો મહીં રંગ પાકો બની જાશે.

શંકરે વહાવી સરિતાને શિરમાંહીથી,
માનવીઓ સ્નાન કરી બને પવિત્ર.
રામે વહાવી પવિત્રતાની સરિતા,
માનવીઓ ભીંજાયે પવિત્રતાની સરિતામાં.
કૃષ્ણે વહાવી સરિતા બંસરી થકી,
માનવીઓ પાગલ બને બંસરીના સૂરની સરિતામાં.
રાજયોગીએ વહાવી સેવાની સરિતા જગતમાં,
માનવીઓ અહર્નિશ તરતા સેવાની સરિતામાં

વસંતોને હૈયે મસ્તી આવી, મારા હૈયે જીવનની મસ્તી યાદ આવી.
નથી ભૂલ્યો માતા પિતા ને ભગિનીના સ્નેહથી ભીંજાતા એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો રેશનીંગની લાઈનમાં ઉભેલા એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો ખાદ્ય સામગ્રીને
કેરોસીનના શીશાને હસ્તમાં ઉપાડી લાવતા એ નરેન્દ્રને...



Scanned by CamScanner

નથી ભૂલ્યો કૂવા મહીંથી જળ ખેંચતા
ને કાંધ પર ઘડો મૂકી જળ લાવતા — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો વાસણ માંજતા, કપડાં ધોતા
કચરો કાઢતા — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો અખાડામાં કસરત બાજી કરતા — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો પરસનબા પાસ રસોઇ કરતા — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો રણછોડજી મંદિરના ઓટલા પર સૂતા — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો શબ્દો "તારા બે બોર કોણ વેચાતા લેશે" — એ નરેન્દ્રને...
નથી ભૂલ્યો મિત્રોના છલકાતા પ્રેમના — એ બાપુને...
નથી ભૂલ્યો કલેક્ટરના સત્તાવાહી શબ્દોને
"જેલમાં પૂરી દઈશ" — એ દવે સાહેબને...
નથી ભૂલ્યો ત્રણ દિવસના ઉપવાસ ને પૈસા વગરના — એ દવે સાહેબને...
નથી ભૂલ્યો માત તણા શબ્દો,
"અમદાવાદ જવાની તૈયારી કર" — એ દવે સાહેબને...
ભૂલ્યો રાજયોગી વિતેલી સમય સરિતાને
જે ઘરેથી નિકળી પરત થાતી નથી.

વસંતોને રંગો આવ્યા, ઉપવનોમાં ઉમંગો આવ્યા.
માનવીઓના હૈયે સુગંધ આવી, ભક્તોના હૈયે રાજયોગી આવ્યા.

વિસારી તમોને જવું ક્યાં મારે ?
તમો ખડા પહેરગીર મુજ હૈયે.
આવી રહી છે વસંતોની શાહી સવારી
મારા હૃદયે આવી રહી માતના પ્રેમની સવારી

લાગે છે પીરસ્યો તમે મસ્ત થઈને
કસુંબીનો રંગ
નહિતો ન આવે કદીએ
આ હૈયે આવો ઉમંગ.
ઉડી રહ્યો કેસુડો, ઉડાડી રહ્યો શબ્દો રૂપી કેસુડાના રંગને.
હું મૌન રહીને એક અનાહૃત નાદ જગાવી જાણું છું,
ભરનિંદ્રામાં પણ સૂતેલો સંસાર જગાવી જાણું છું,
હું અંતર બાળી બાળીને એક જ્યોત જગાવી જાણું છું,
બરબાદ થાતાં બીજાને આબાદ બનાવી જાણું છું,



Scanned by CamScanner

હું ફૂલ ખીલાવી જાણું છું,
ફૂલ બાગ બનાવી જાણું છું,
ત્યાં કાળે કહ્યું કે, "ગર્વ ન કર"
"હું ભસ્મ બનાવી જાણું છું,"
તારી આંખોમાં જવાળા છે
મારી આંખોમાં આંસુ છે
તું આગ લગાવી જાણે છે
હું આગ બુઝાવી જાણું છું

## યુવાનને શીખ

હે યુવાન,

" ત્રીસ વર્ષનો થાય તે પહેલાં તું લગ્ન કરીશ નહિં, શરીર અને મન દઢ અને પવિત્ર રાખજે, વ્યાયામ કદી છોડીશ નહિં. તારૂં શરીર એવુ ખડતલ અને મજબૂત થવું જોઇએ કે તારે પથ્થર પર પડવાનો પ્રસંગ આવે તો પથ્થરને તારો ડર લાગે પણ તને તેનો ડર ન લાગવો જોઇએ , સદાચાર અને શીલ પર શ્રધ્ધા રાખજે, ધનથી લોભાઇશ નહિં, સ્ત્રીઓને વિશે આદર અને પવિત્ર ભાવ રાખજે , ઈશ્વરને કદી ભૂલીશ નહિં, પોતાને સુખી કરવા કરતાં બીજાને સુખી કરવામાં આનંદ માણજે, આ રીતે વર્તીશ તો તારૂં જીવન ધન્ય થશે.

**રાજયોગી નરેન્દ્રજીના સંગ્રહમાંથી.**

## ઋણ સ્વીકાર

'આધ્યાત્મિક કેડી'ના આદ્યમુદ્રક શ્રી કાંતિલાલ મીસ્ત્રી ૧૯૮૧ થી મેગેઝીન અને અમારા અન્ય પ્રકાશનોના મુદ્રકનું કાર્ય ઘણીજ આત્મિયતા અને નિષ્ઠાથી સંભાળી રહ્યા હતા હવે તેમણે આદિત્ય મુદ્રણાલયનું કાર્ય સમેટી લીધું છે.

મુરબ્બીશ્રી કાંતિભાઈએ પ્રેમ, પ્રેરણા અને પુરૂષાર્થને જીવનામાં આત્મસાત્ કર્યા છે. આપનો પ્રેમ, અનુભવ અને માર્ગદર્શન અમને સતત મળતાં જ રહેશે. 'આધ્યાત્મિક કેડી' આપનું જ છે અને તેના પ્રકાશનના રાજમાર્ગમાં આપના સાથ, સહકારની અપેક્ષા અપ્રસ્તુત નહિંજ લેખાય.

**મંત્રી**



Scanned by CamScanner

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો અમેરીકાનો અને ઈંગ્લેન્ડનો કાર્યક્રમ

## અમેરીકાનો કાર્યક્રમ

| તારીખ | દિવસ | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૨-૯૬ | શનિવાર | ૬-૮ સાંજે | કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૨-૧૨-૯૬ | રવિવાર | ૬-૮ સાંજે | કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૩-૧૨-૯૬ | સોમવાર | - | - કાંતિભાઈ પટેલ | ઈલ્કગ્રુવીલેજ ILL | .૭૦૮-૯૮૦-૦૮૬૪ |
| ૨૪-૧૨-૯૬ | મંગળવાર | ૬-૮ સાંજે | કાંતિભાઈ પટેલ | ઈલ્કગ્રુવીલેજ ILL | ૭૦૮-૯૮૦-૦૮૬૪ |
| ૨૫-૧૨-૯૬ | બુધવાર | ૬-૮ સાંજે | કાંતિભાઈ પટેલ | ઈલ્કગ્રુવીલેજ ILL | ૭૦૮-૯૮૦-૦૮૬૪ |
| ૨૬-૧૨-૯૬ | ગુરૂવાર | ૫-૭ સાંજે | શીલુપ્રસાદ અગ્રવાલ | બુરીડજ | ૬૩૦-૯૧૦-૦૦૯૨ |
| ૨૭-૧૨-૯૬ | શુક્રવાર | - | - કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨૮-૧૨-૯૬ | શનિવાર | ૬-૮ સાંજે | રતિભાઈ મીસ્ત્રી | યુનીયન સીટી NJ | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૯-૧૨-૯૬ | રવિવાર | ૬-૮ સાંજે | રતિભાઈ મીસ્ત્રી | યુનીયન સીટી NJ | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૩૦-૧૨-૯૬ | સોમવાર | ૬-૮ સાંજે | રતિભાઈ મીસ્ત્રી | યુનીયન સીટી NJ | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૩૧-૧૨-૯૬ | મંગળવાર | - | - કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૧-૧-૯૭ | બુધવાર | - | - કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૨-૧-૯૭ | ગુરૂવાર | ૬-૮ સાંજે | કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૩-૧-૯૭ | શુક્રવાર | - | - કીરીટભાઈ પટેલ | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૪-૧-૯૭ | શનિવાર | ૧૧-૮સાંજે | આધ્યાત્મિક આભિયાન | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૫-૧-૯૭ | રવિવાર | ૧૧-૮સાંજે | આધ્યાત્મિક આભિયાન | કોલોનીયા NJ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |

## ઈંગ્લેન્ડનો કાર્યક્રમ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૧-૯૭ | શુક્રવાર | ૩-૬ | અમૃતભાઈ પોપટ | વેમ્બલી લંડન | ૦૧૮૧-૯૦૨-૭૯૨૪ |
| ૧૧-૧-૯૭ | શનિવાર | ૩-૬ | અમૃતભાઈ પોપટ | વેમ્બલી લંડન | ૦૧૮૧-૯૦૨-૭૯૨૪ |
| ૧૨-૧-૯૭ | રવિવાર | ૩-૬ | અમૃતભાઈ પોપટ | વેમ્બલી લંડન | ૦૧૮૧-૯૦૨-૭૯૨૪ |
| ૧૩-૧-૯૭ | સોમવાર | ૧-૨ | જ્યોતિબેન પરમાર | સ્ટોકપોર્ટરોડ,સ્ટ્રેથમવેલ. | ૦૧૮૧-૬૭૯-૮૬૬૮ |
| ૧૭-૧-૯૭ | શુક્રવાર | ૪-૭ | બેલગ્રેવ,નેઈબરહુડ | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |
| ૧૮-૧-૯૭ | શનિવાર | ૪-૭ | સેન્ટર રોથલી | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |
| ૧૯-૧-૯૭ | રવિવાર | ૪-૭ | સ્ટ્રીટ લેસ્ટર | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |

Scanned by CamScanner

## નૂતન વર્ષનું નજરાણું

માનવતાને પમરાવવા
માનવતા વ્રતને જીવનની
અનિવાર્ય કાર્યપ્રણાલીમાં
વણી લઈને નૂતનવર્ષનો
પ્રારંભ કરીએ.
આંશીર્વાદ.....
**રાજયોગી નરેન્દ્રજી**

## સમાચાર

## પૂજ્ય ગુરુદેવનો મુંબઈનો કાર્યયજ્ઞ

૧. **તારીખ** : ૧-૧૧-૯૬ શુક્રવાર - શાન્તાક્રુઝ
**સ્થળ** : ગોવિંદધામ મંદિર, ૭મો ગોળીબાર રોડ, શીતલ બીલ્ડીંગ સામે, શાન્તાક્રુઝ પૂર્વ.
**સમય** : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી.

૨. **તારીખ** : ૨-૧૧-૯૬ થી ૩-૧૧-૯૬ શનિવાર - રવિવાર.
**સ્થળ** : નારણદાસ લક્ષ્મીદાસ જોષીની વાડી,
૭૯/૮૧, બોરાબજાર શેરી, ફોર્ટ, મુંબઈ.
**સમય** : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી.

**તા.** ૩૧-૧૦-૯૬ થી ૧૭-૧૧-૯૬ સુધી નિલોષા બંધ રહેશે.

**તા.** ૧૮-૧૧-૯૬ સોમવારે નિલોષા મુલાકાત ચાલુ થશે.

**તા.** ૧૬-૧૨-૯૬ થી ૨-૨-૯૭ સુધી પૂજ્યશ્રીનો અમેરીકા અને ઈંગ્લેન્ડનો કાર્યયજ્ઞ હોવાથી નિલોષા બંધ રહેશે.

**તા.** ૩-૨-૯૭ સોમવારે નિલોષા મુલાકાત ચાલુ થશે.

**તા.** ૧૩-૧૦-૯૬ થી ૨૦-૧૦-૯૬ સુધી આસો નવરાત્રિ છે.
નવરાત્રિ દરમ્યાન અનુષ્ઠાન/વિશિષ્ટ ઉપાસના કરવા ઈચ્છતા ઉપાસકોને પૂજ્ય શ્રી આશિર્વાદ પાઠવે છે.

**તા.** ૧૨-૧૧-૯૬ મંગળવારે નૂતન વર્ષ છે. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના દર્શનનો લાભ "શ્રધ્ધા" કુટીરમાં મળી શકશે.

**સમય :** સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સાંજે : ૬-૦૦ થી ૮-૦૦.

**તા.** ૯-૧૨-૯૬ સોમવારે પરમશક્તિ મા ભગવતીનો પાટોત્સવ છે. પૂજ્યશ્રીના દર્શન અને આધ્યાત્મિક યાત્રાનો લાભ શ્રધ્ધા કુટીરમાં સાંજે ૫-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી મળશે.

Scanned by CamScanner